# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–** (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર–૩૬૪૦૦૨ ફોન : **(૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: avgohil1@gmail.com
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## ✿ અનુક્રમણિકા ✿


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| મા સર્વેશ્વરી જગદંબાનું પ્રગટ સ્વરૂપ છે | સંકલન : ચંદ્રકાન્ત પટેલ | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત– દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ (૩૫) | મા સર્વેશ્વરી | ૮ |
| આધ્યાત્મિક પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૧૨ |
| ગંગાલહરી (૩) | પરમાર્થી | ૧૫ |
| Amazing Experiences (2) | Hitesh Lad | ૧૮ |
| સ્વાસ્થ્ય યાત્રા | અશોક પટેલ | ૨૫ |
| યોગ સાધનાથી સમાધિ સુધી કેમ પહોંચાય? (૨) | ટી.બી.પટેલ | ૨૯ |
| શ્રી કોકિલાબેન ૭૮ વર્ષે પી.એચ.ડી. થયાં | ભવન કચ્છી (ગુજરાત સમાચાર) | ૩૨ |
| સંક્ષિપ્ત ગાયત્રી મંત્ર | યોગેશ્વરજી | ૪૦ |
| જીવ પાછો ફરીને કેમ આવે છે? | સ્વામી રામસુખદાસજી | ૪૪ |
| યુવા શિબિરના પ્રતિભાવો | સંકલન : અર્પિતા જોષી | ૫૩ |
| અન્નદાન એ જ જીવનધર્મ – અબુધાબીમાં શ્રી મોરારી બાપુનો જાદુ | સંકલન શ્રેણી | ૫૭ |
| અભિનયનો આનંદ | યોગેશ્વરજી | ૬૪ |

# સદ્ભાવભરી સહાય

—મા સર્વેશ્વરી

વિદેશના શ્રી રામકબીર મંદિરના ભજનાનંદી, ભક્ત સેવક, વતનના પ્રત્યેક પ્રસંગે પડખે રહેનાર, સંતપ્રેમી, સત્સંગી, સમાજના સાચા સાથી બનીને જેઓ સુગંધિત જીવન જીવી રહ્યા છે એવા

શ્રી ઈન્દ્રવદનભાઈ ભક્ત,

શ્રી મીનાક્ષીબેન ભક્ત

વતનના શતાબ્દી પર્વે આ અંક સમાજને— તથા અધ્યાત્મના વાંચકોને અર્પણ કરી રહ્યા છે. આવી સેવા આપના હાથે થતી રહો, એવી મંગલ ભાવના.

ધન્યવાદ.

સર્વ શુભેચ્છા

આભાર

**—મા સર્વેશ્વરી**



# 'મા સર્વેશ્વરી—જગદંબાનું પ્રગટ સ્વરૂપ છે'

**—સંકલન : ચંદ્રકાન્ત પટેલ**

[પરમ વંદનીય મા સર્વેશ્વરીની આધ્યાત્મિક ઓળખ આપતો શ્રી ચંદ્રકાન્તભાઈ પટેલનો આ લેખ અધ્યાત્મના દરેક વાંચકો અવશ્ય વાંચે, કારણ કે પૂ.માની આધ્યાત્મિક સાચી ઓળખ આપતા પૂ.મહાત્મા શ્રી યોગેશ્વરજીના જે અવતરણો ટાંક્યા છે, તેના અમે પણ સાક્ષી છીએ. કારણ કે પૂ.યોગેશ્વરજીના હસ્તાક્ષરોમાં લખાયેલ છે.

એક વાત સમજીએ કે મહાપુરુષને ખોટું બોલવાનું કે લખવાનું કોઈ પ્રયોજન હોતું નથી. તેઓ જે કાંઈ લખે તે પોતાની આત્મિક અનુભૂતિના આધારે જ લખતા હોય છે, કોઈને ખુશ કરવા નહીં.

પૂ.મા સર્વેશ્વરીએ પણ પૂ.શ્રીની ભૌતિક વિદાય પછી ઉગ્ર સાધના ને તપ કરી, પૂ.શ્રીની આ વાણીને સાચી ઠેરવી છે, તેના આપણે સહુ સાક્ષી છીએ.]

**—તંત્રી**

પૂ.મા વ્યક્તિ નથી પણ સમષ્ટિ છે. પૂ.મા વૈશ્વિક શક્તિનું સગુણ, સાકાર રૂપ છે એટલે કે જગત માતા છે. હરિરસની હેલીમાં પૂ.માના મુખથી આપણે બધા ભક્તોએ મળીને બળપૂર્વક સ્વીકાર કરાવતા આવ્યા કે પૂ.મા જગદંબા છે જ.

સમર્થ સદ્ગુરુ ભગવાનને ઓળખાવી આપતા હોય છે.

પ્રભુશ્રી યોગેશ્વરજી એ લખ્યું છે કે ''મારા અત્યાર સુધીના જીવનમાં કેટલીય સ્ત્રીઓને નજીકથી નિહાળી છે, પરંતુ એ સૌમાં સરોજબેન સર્વોત્તમ છે. પ્રેમ, પવિત્રતા, પ્રભુ–પરાયણતા, તપ, તિતિક્ષા, ભાવ તથા ભાવના અને સમજની દૃષ્ટિએ મેં જોયેલાં સઘળા સ્ત્રી–પુરુષોમાં એ ચઢી જાય છે. એમના વિરાટ વ્યક્તિત્વની આગળ બીજા બધા વામન લાગે છે. એમની સુયોગ્યતાના સિંધુ આગળ બિંદુ. એ સ્ત્રી નથી, નારાયણી ભગવતી ત્રિપુરા સુંદરી સાક્ષાત્ જગદંબા છે. જેમની ઉપર એમની અલ્પ પણ કૃપા હશે એ જ એમને અલ્પ અંશે ઓળખી શકશે. એમના મહિમાને પૂરેપૂરો કેવી રીતે ગાઈ શકાય? શેષ, શારદા, બ્રહ્મા, વિષ્ણુ કે મહેશ પણ કેવી રીતે વર્ણવી શકે? મેં એને થોડો ઘણો જાણ્યો ને માણ્યો છે. એટલું મારે માટે પૂરતું છે એવી મહાદેવીનું દર્શન પ્રાગટ્ય યુગો પછી કોઈક વાર જ થઈ શકે છે. મારા લોચન એમના દર્શનથી કૃતાર્થ છે. મારા શ્રવણ એમના સુધાસભર શબ્દ સંગીતના શ્રવણથી સફળ છે. જીવન એમના મધુમય મિલનથી કૃતકૃત્ય છે.''

શ્રી ઠાકુરના લીલાસ્થાન દક્ષિણેશ્વરની યાત્રા વખતે પૂ.શ્રી મા સર્વેશ્વરીનું મહિમા ગાન ગાતા શ્રી યોગેશ્વર પ્રભુએ ભક્તોને શ્રી ઠાકુરના આરાધ્ય દેવી મા કાલીના દર્શન કરવા મંદિરમાં જવાનું કહ્યું. ભક્તો મા કાલીના દર્શન કરીને પાછા આવ્યા ત્યારે પૂ.શ્રીએ કહ્યું. ''દર્શન કર્યા, જો ન કર્યા હોય તો ફરીથી કરીને આવજો. પૂ.શ્રી મા સર્વેશ્વરી તરફ આંગળી ચીંધીને કહ્યું. મંદિરમાં બેઠાં છે તે આ જ છે, મંદિર બેઠા છે તે બોલતાં નથી અને આ મા બોલે છે. મંદિરમાં છે તે આજ છે. આ સ્વરૂપમાં ને તે મૂર્તિના સ્વરૂપમાં કોઈ ફેર નથી બન્ને એક જ છે.''



હમણાં તાજેતરમાં એક પ્રસંગમાં પૂ.મા એ પૂ.મા જગદંબા છે તેનો સહજતાથી સ્વીકાર કર્યો. તા.૦૬/૧૨/૨૦૧૬ની રાત્રી બેઠકમાં શ્રી યોગેશ્વર કથામૃતના વાંચનમાં તા.૦૪/૧૧/૧૯૮૦ ઉત્તરભારતની યાત્રાનું વાંચન ચાલતું હતું. તેમાં પૂ.શ્રી પ્રભુ કહે છે કે ગંગાજળ એ સામાન્ય પાણી નથી, વ્રજની રજ એ સામાન્ય રજ નથી અને જગન્નાથના પ્રસાદને જે સામાન્ય માને છે તે ભૂલ કરે છે. તેવી જ રીતે જે મા સર્વેશ્વરીને સામાન્ય સ્ત્રી માને છે તે ભૂલ કરે છે. એ તો જગદંબાનું પ્રગટ સ્વરૂપ છે. આ વાંચન પૂર્ણ કરીને શ્રી રાજીવભાઈ પૂ.મા તરફ દૃષ્ટિ કરીને બોલે છે કે 'હવે પૂ.માની સ્લેટ શું કહે તે આપણે સૌ સાંભળીએ' પછી પૂ.મા જાતે જ રૂમમાં જઈને એક પત્ર લઈને આવે છે. પૂ.શ્રીએ ૧૯૭૯માં શ્રી ભાઈલાલભાઈ છાટબારને લખેલો એ પત્ર હતો. તેમાં પૂ.શ્રી પ્રભુ લખે છે કે 'સરોજબેન જે જગદંબાના પ્રત્યક્ષ વિગ્રહ કે સ્વરૂપ જેવાં છે.' પછી પૂ.મા સ્લેટમાં લખે છે કે 'તમારી જીજ્ઞાસાનો આ પ્રત્યક્ષ જવાબ પૂ.શ્રીના હસ્તાક્ષરોમાં છે.'

આપણે બધાએ પૂ.માને જગદંબા સ્વરૂપે સ્વીકાર્યા પછી આપણી ફરજ રહી પૂર્ણ શરણાગત બનીને દૃઢ ભરોસો બંધાવવાની, શુદ્ધ અંતઃકરણથી ઉગ્ર સાધના કરીને, સતત નિષ્કામ ભાવે સેવા કરીને, સતત સ્મરણ કરીને પૂર્ણ સમર્પિત ભક્ત બનીને, અહંકાર રહિત બનીને નાનામોટા સત્કર્મો કરીને, પાવર ઓફ એટર્ની આપીને આપણે બધા ભક્તો એ એમના આદર્શ બાળક બનીને, આદર્શ સેવક–સાધક બનીને પાકો ભરોસો આપવો પડશે. શ્રદ્ધાની સાબિતી આપવી પડશે. જાતમાં

શ્રદ્ધા રાખી, તકથી લાભાન્વિત બની જીવન સાફલ્ય પામીએ. માત્ર પૂ.મા જગદંબા છે જગદંબા છે એમ બોલીને બેસી રહેવાથી કંઈ જ નહીં વળે, મથવું પડશે, ઊકળવું પડશે, તપવું પડશે, જપવું પડશે, તો પછી એમનું પરમ કલ્યાણકારી અવતરણ આપણા હૃદયમાં થશે.

ફરિયાદ કરીને તેમના અંતઃકરણને ઠેસ પહોંચાડીને નહીં પણ તેમને ફરી ફરી યાદ કરીને સ્વયં શિસ્ત લાવીને, દૃઢ ભરોસો બંધાવવો પડશે. ફરિયાદો બંધ કરી, તમારા પાત્રોને શુદ્ધ સ્વચ્છ બનાવીને સાચી દિશામાં રાખશો તો પાત્રો છલકાઈ જશે.

### પૂજ્ય મા સર્વેશ્વરી

પરમ વંદનીય મા સર્વેશ્વરી પરદેશથી ભારત આવી ગયાં છે ને હાલ તેઓ સ્વર્ગારોહણ અંબાજીમાં, વિરાજે છે.

સત્સંગની નિયમિત યોજાતી બેઠકોમાં તેઓ અનુકૂળતા પ્રમાણે હાજરી આપી, દર્શન આપે છે.

તેઓ પોતાની અંગત સાધનામાં વ્યસ્ત હોવાથી, તેઓને ખલેલ ન પહોંચાડવા વિનંતી કરવામાં આવે છે.

—તંત્રી



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૯ જાન્યુઆરી—૨૦૧૭ અંક ૪

## શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ (૩૫)**

**તા. ૨૦/૧૨/૮૨, મંગળવાર, માગસર સુદ છઠ, ૨૦૩૯, પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર.**

ગઈ કાલે ડરબનની ઉત્તર દિશામાં ફિનીક્ષ ગયાં હતાં. આજે ડરબનની દક્ષિણ ઈસ્પીંગો નામના સ્થળે જવાનું છે.

ક્રિસ્મસના પ્રસંગે અહીં શહેરના રાજમાર્ગ ઉપર, બગીચામાં, દરિયાકિનારે વીજળીની વિવિધ આકારની રોશની કરવામાં આવે છે. ફૂલોનાં વિવિધ મોટાં મોટાં કુંડાઓ પણ મૂકવામાં આવે છે. ડરબન દરિયાકિનારે છે. તેથી અહીં ઘણાં ઘણાં યાત્રીઓ આવે છે. ગઈ કાલે પ્રવચનમાંથી પાછા ફરતાં અમારી ગાડી શ્રી, રતિભાઈએ દરિયાકિનારા તરફ લીધી, જેથી રોશનીનો ખ્યાલ આવ્યો.

સવારે સ્નાન, વ્યાયામ, મંત્રજાપ, લેખન નિયમિત રીતે થયું.

ભોજનમાં દાળભાત, શાક, રોટલી ને રસ લીધાં. ભોજન બાદ મુલાકાતના સમયે શ્રી રતિભાઈ આવ્યા.

પૂ.શ્રીને દરરોજ બહાર ફરવા લઈ જવાની તેમની ઈચ્છા હોય છે, તેથી જ તેઓ આવે છે.

આજે ફરવા નીકળવાનું છે. બહાર સખત તાપ છે. આ ઘરનાં યજમાન–પત્ની કહે છે કે, બહુ તાપમાં ક્યાં ફરવા જશો? પૂ.શ્રીએ તરત જ જવાબ આપતાં કહ્યું : અમે તો તાપ દૂર કરીએ છીએ તનનો, મનનો ને અંતરનો. ત્યાં વળી અમને આ બહારનો તાપ શું કરી શકે? તમારે એની ચિંતા જ ન કરવાની. અમારે શરણે આવે તેના પણ ત્રણે તાપ અમે દૂર કરીએ છીએ.

આજે દરિયાકિનારે ઉત્તર તરફ એક કલાક સુધી ગાડીમાં જ ફર્યા. માર્ગમાં સત્સંગની જ વાતો થઈ. ગુરુપૂર્ણિમા અંગેની, તેમ જ હાથમાંથી ભસ્મ કાઢનારાઓની વાતો થઈ. અહીંના રાજકારણની વાતો પણ થઈ.

ઉતારા ઉપર આવીને બે કલાક આરામ કર્યો. થોડું લેખન કર્યું. સેવમમરાનો હળવો નાસ્તો લઈ પોણા સાત વાગ્યે નીચે ઊતરીએ છીએ.

અર્ધા કલાકની મુસાફરી બાદ ઈસ્પીંગો નામનું સ્થળ આવી જશે.

એ સ્થળ દક્ષિણ દિશામાં એરપોર્ટ તરફ હિન્દી પ્રજાના વિસ્તારમાં આવેલું છે. એનું નામ ઈસ્પીંગો હિન્દુ સોસાયટી હૉલ. ૭૦, પ્લોટ ડ્રાઈવ, ઈસ્પીંગો હીલ પર છે.



હૉલની બહાર પણ છત ઉપર શ્રીકૃષ્ણની મૂર્તિ અને બે સફેદ હાથીઓ દેખાય છે.

હૉલ વિશાળ છે. મંચ ઉપર બે બેઠક ને તેની પાછળ પીળા રંગની ચાર–પાંચ ખુરશીઓ દેખાય છે. શ્રોતાઓ આવી ગયા છે. અમે મંચ ઉપર જઈએ છીએ. શરૂઆતમાં ધૂન–ભજન થાય છે. પછી સંચાલકે સ્વાગતના બે શબ્દો કહીને પરિચય આપ્યો.

પૂ.શ્રીના પ્રવચન પહેલાં મારે ત્રણ ભજનો ગાવાં પડ્યાં. પછી પૂ.શ્રીનું અંગ્રેજીમાં પ્રવચન શરૂ થયું. 'ગીતાનો સંદેશ' વિષય હતો. એક કલાકના પ્રવચન બાદ શાંતિપાઠ કર્યો.

આજે ગરમી હતી તેથી મંચ ઉપર પણ ગરમી લાગી. પૂ.શ્રી તો પરસેવાથી રેબઝેબ થઈ ગયા. શ્રોતાઓની ઉપર પંખા ફરતા હતા. નીચે ઊતર્યા ત્યારે ગરમી થોડી ઓછી ગઈ.

સંચાલક દક્ષિણ ભારતના હતા. તેમને ખૂબ આનંદ થયો. તેમણે જાહેરમાં તો આભાર માન્યો જ, પણ પૂ.શ્રીની પાસે આવીને પણ હાથ જોડીને કહ્યું : આપે આ વિષયને ઘણો સારો ન્યાય આપ્યો. તમારું ભાષા ઉપરનું પ્રભુત્વ સારું છે. ભાવને પકડી રાખવાની આપની આવડત ઘણી સારી છે.

પ્રવચન બાદ એક ભાઈએ પૂ.શ્રીને યુનિવર્સિટીના યુવાનો આગળ એક કાર્યક્રમ આપવાની વિનતિ કરી. પ્રશ્નોત્તરીનો પણ કાર્યક્રમ રાખવો એમ જણાવ્યું. ફેબ્રુઆરીમાં કૉલેજ ચાલુ થાય

ત્યારે તે કાર્યક્રમ એ ભાઈ ગોઠવશે એવી વાતો થઈ.

ઉતારા ઉપર આવતાં માર્ગમાં થોડી વાતો થઈ. પરસેવો ખૂબ થયો એમ પૂ.શ્રીને પૂછ્યું ત્યારે પૂ.શ્રીએ કહ્યું કે, મા બાળક માટે નવનવ માસ સહન કરે છે, તો આ તો એક જ કલાક તમારે સૌ માટે સહન કરવાનું હતું.

તેવામાં એક ભાઈ કેફી પીણાથી અસ્થિરતા અનુભવતો હતો તેને જોઈને પૂ.શ્રીએ કહ્યું : આ ભાઈ બહારના દારૂમાં લથડિયાં ખાય છે. બીજા બધા સંસારમાં લથડિયાં ખાય છે. સરખું જ છે બન્નેનું કામ તો.

આજે શ્રી શાંતિભાઈ કહેતા હતા : દિવ્યજીવન સેન્ટરનાં આપનાં પ્રવચનો સાંભળીને આનંદ વ્યક્ત કરતા ઘણાંના ટેલિફોન મારી ઉપર આવ્યા હતા. વળી, આજે દિવ્યજીવન સંઘની બે બહેનો મને મળી, જેમણે કહ્યું કે અમને તો પ્રવચનો ખૂબ ગમ્યાં. મેં કહ્યું કે, હમણાં સાડા બારથી દોઢ મળી શકે છે. જાઓ, મળવું હોય તો.

તો તેમણે કહ્યું : પ્રવચનમાં બધું જ આવી ગયું હતું. અમને તો ઘણી બધી શાંતિ મળી. બધા જ પ્રશ્નોના ઉત્તરો અમને પ્રવચનમાં મળી ગયા. તેથી હવે અમે શું પૂછીએ?

ઉતારા ઉપર આવતાં ૧૦ વાગી ગયા.

દૂધ પીને આરામ કર્યો.

(ક્રમશઃ)



# આધ્યાત્મિક પ્રશ્નોત્તરી

—યોગેશ્વરજી

**પ્રશ્ન :** આવશ્યકતા પ્રમાણે ગુરુમંત્ર બદલી શકાય?

**ઉત્તર :** જરૂર બદલી શકાય પરંતુ ગુરુમંત્રને બદલવાની પ્રક્રિયાની પાછળ આવશ્યકતા અને એ પણ અનિવાર્ય આવશ્યકતા હોવી જોઈએ. મંત્રને બદલવાની પ્રક્રિયા એક પ્રવૃત્તિ, શોખ કે ફેશન ના બનવી જોઈએ જીવનની એક અનિવાર્ય આવશ્યકતા તરીકે એકાદ વાર મંત્રને બદલવો પડે તે જુદી વાત છે. પરંતુ મંત્રને બદલવાનો ચસકો લાગી જાય અને મંત્રને અવારનવાર બદલ્યા કરાય તો એ બદલવાની પ્રવૃત્તિ સાધકને બદલે બાધક અને તારકને બદલે મારક જ વધારે થઈ પડે.

**પ્રશ્ન :** ગુરુની સંનિધિ ના હોય અને પ્રેરણા પણ પ્રાપ્ત થતી બંધ થાય તો એમનો સનાતન સંબંધ સમાપ્ત થયો એવું માનવું?

**ઉત્તર :** ના. ગુરુની સ્થૂળ સંનિધિ ન હોય તેથી શું થયું? એમની સૂક્ષ્મ સંનિધિ રહેવી જોઈએ. ગુરુની પ્રેરણા પણ વધારે વખત કે સદાને માટે જરૂરી ના હોય એવું બની શકે, તો પણ એમના પ્રત્યેની શ્રદ્ધાભક્તિ તો અખંડ જ રહેવી જોઈએ. એને લીધે જ એમનો સંબંધ અમર અથવા સનાતન રહે છે કે બને છે.

**સાભાર સ્વીકાર**

આ પૃષ્ઠ માટેની સદ્ભાવભરી સહાય શ્રી કલ્પનાબેન રાજેન્દ્રભાઈ પટેલ, શ્રી રાજેન્દ્ર વી. પટેલ તરફથી.

એ સંબંધ કદી પણ પૂરો નથી થતો ને ના થવો જોઈએ. પછી એ સ્થૂળ રૂપમાં ચાલુ રહે કે સૂક્ષ્મ રૂપમાં એ જુદી વાત છે.

**પ્રશ્ન :** અદ્વૈતની અનુભૂતિ થતા ગુરુ–શિષ્યનો સંબંધ ટકી શકે છે?

**ઉત્તર :** ટકી શકે પણ ખરો અને ના પણ ટકી શકે.

**પ્રશ્ન :** એટલે?

**ઉત્તર :** અદ્વૈતની અનુભૂતિ થયા પછી વસ્તુતઃ એ સંબંધની આવશ્યકતા નથી હોતી. જ્યાં સર્વત્ર, સૌમાં ને સૌના સ્વરૂપમાં પરમાત્મા છે ત્યાં ગુરુ તથા શિષ્યના ભેદ ક્યાંથી ટકી શકે? તો પણ શિષ્ય ગુરુની એટલી સ્મૃતિ કાયમ રાખે છે, જેમકે શ્રી આદ્ય શંકરાચાર્ય. એ ગુરુ પ્રેમથી પ્રેરાઈને એમના ગુરુને પ્રત્યેક ગ્રંથમાં યાદ કરે છે. શ્રી જ્ઞાનેશ્વર મહારાજના સંબંધમાં પણ એવું જ કહી શકાય. એમની ગુરુભક્તિ જાણીતી છે. જ્ઞાનેશ્વરી ગીતા જેવા ગ્રંથરત્નના વાચનથી એ હકીકત સુચારુરૂપે સમજી શકાય છે.

**પ્રશ્ન :** ગુરુકૃપા શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત થાય? શું ગુરુકૃપાની પ્રાપ્તિને માટે ગુરુમય બની જઈને ગુરુની ખૂબખૂબ સેવા કરવી જોઈએ એ શું સાચું છે?

**ઉત્તર :** ગુરુકૃપા ખરેખર શું છે એ તો જે એનો અનુભવ કરે તેને જ ખબર પડી શકે. છતાં પણ, કહેવાને ખાતર એટલું જરૂર કહી શકાય કે ગુરુકૃપાથી આત્મોન્નતિના માર્ગમાં મદદ મળે છે, અને ઈશ્વરના સાક્ષાત્કારનો મનોરથ સહેલો બને છે. દુર્ગુણોની નિવૃત્તિ કરીને સદ્‌ગુણોની પ્રાપ્તિમાં તથા દુષ્કર્મોનો અંત આણીને સત્કર્મોના અનુષ્ઠાનમાં તે મદદરૂપ થાય છે. જીવનને નિર્મળ, ઉદાત્ત તથા ઈશ્વરમય બનાવવામાં તેથી મદદ મળે છે. એક રીતે કહીએ તો ગુરુકૃપા એ ઈશ્વરની અસીમ કૃપાને માટેનું પ્રમાણપત્ર કે પ્રવેશદ્વાર છે. એ થતાં ઈશ્વરકૃપા દૂર નથી રહેતી. ગુરુના રૂપમાં આવીને સૌથી પહેલા ઈશ્વર જ પોતાની કૃપા વરસાવે છે. ગુરુની કૃપા દ્વારા જે ધન, વૈભવ, પદ, પ્રતિષ્ઠા ને સાંસારિક સુખોપભોગની ઈચ્છા રાખે છે તે ભારે ભૂલ કરે છે. ગુરુની કૃપાના સાચા રહસ્યને તે નથી સમજતા. ગુરુની કૃપા કેવલ સાંસારિક સુખસમૃદ્ધિને માટે નથી વટાવવાની, પરંતુ તેનો લાભ લઈને ઈશ્વરના સાક્ષાત્કારના મહત્ત્વના ધ્યેય તરફ આગળ વધવાનું છે, એ નથી ભૂલવાનું.



તમારા બીજા પેટા પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે ગુરુકૃપાની પ્રાપ્તિને માટે ગુરુની મન મૂકીને સેવા કરવી જોઈએ એ તો સાચું જ છે, પરંતુ એની સાથેસાથે ખાસ ધ્યાન ગુરુના ઉપદેશ કે સંદેશ પ્રમાણે ચાલવા પર આપવું જોઈએ. ગુરુ જે કહે તે શ્રદ્ધા તથા પ્રામાણિકતા સાથે ઉત્સાહ ને ખંતપૂર્વક કરવું અથવા તો એમણે નિર્દેશેલા આત્મકલ્યાણના માર્ગ પર આગળ વધવું અત્યંત આવશ્યક છે. આ વસ્તુ ખાસ નોંધવા જેવી છે. કેમકે ગુરુની સેવા કરવામાં આવે પરંતુ એમના સદુપદેશનું અનુષ્ઠાન કરવામાં ના આવે તો કોઈ વિશેષ હેતુ નથી સરતો. ગુરુએ બતાવેલા માર્ગ પ્રમાણે ચાલવામાં આવે, અને ગુરુની શ્રદ્ધાપૂર્વક સેવા કરવામાં આવે, તો તેથી પ્રસન્ન થઈને ગુરુ કેટલીક વાર અનુગ્રહ કરે છે, ને અધ્યાત્મ મંદિરનાં ગુપ્ત દ્વાર ઉઘાડી આપે છે.

# ગંગાલહરી (૩)

—પરમાર્થી

૨૨

ઊંચા ઊંચા શૃંગથી નિત્ય વ્હેતી
ઘણી નદીઓ પણ કોણ પામી
નિવાસ રે શંકરની જટામાં?
સુધન્ય ધોવા થયું કોણ કામી
રે ભાગ્યશાળી પ્રભુનાં પદોયે?
જેથી કરે કો કવિ તુલનાયે?

૨૩

છો શેષશય્યા મહીં વિષ્ણુ પોઢે,
સમાધિમાં છો સ્થિર થાય બ્રહ્મા!
ને શંભુ છો તાંડવમગ્ન રે'તા!
સાક્ષાત્ જીવંત તમે અમારા,
મનોરથો પૂર્ણ સદા કરો છો!
ચિંતા પછી દેવ કરે વૃથા છો!

૨૪

સ્નેહાર્દ્ર છો આપ અનાથ છું હું
અધોગતિથી મુજને ઉગારો!
છે વૈદ્ય તું મા, ભવરોગી હું છું
તૃષ્ણાથકી વ્યાકુળ દોષમારો!
સુયોગ્ય લાગે ત્યમ મા કૃપા કરો!
હું બાળ આવ્યો શરણે તમારો!



૨૫

કથાતણો મંગલ છે પ્રભાવ
વર્તાય આવે યમના પ્રદેશે!
શમી ગયો નારકી આર્તનાદ,
ફાંફા જીવો મેળવવા પડે છે!
તારી કૃપાથી ગલીએ ગલીમાં
સ્વર્ગે વિમાનો ધુમતા ફરે મા!

૨૬

રે કામક્રોધે પ્રગટેલ જ્વાળા
જાણે જલાવે શરીરો અમારા
એ તાવની તીવ્ર અસહ્ય વેદના
શમાવવાને તું ઉરાડ ફુવારા!
રે દિવ્ય તારા શીતશીકરોથી
પ્રશાંત મા તું કરી દે વ્યથાથી!

૨૭

બ્રહ્માંડ તો તિન્દુક દિવ્યવૃક્ષ
કેવું દિસે લૂમથકી લચેલું!
ઘેરાયેલું મા તવ વીચિ વચ્ચે
જાણે હિલોળા દિનરાત લેતું!
મા દિવ્યતાઅંકિત ઓઘતારો!
શમાવ સંતાપ બધા વિકારો!

૨૮

કરે અવજ્ઞા સહુ દેવદેવો
ઉધ્ધારવા જે જીવને કદીક
અનુભવે તીર્થ સમસ્ત લજ્જા!

રે ખંચકાયા વિણ તું જરીક
ઉધ્ધારતી સતત સ્નેહધારે
ઉધ્ધારકોનો મદ તું ઉતારે!

૨૯

અસંખ્ય પ્રાયશ્ચિતથી ય શુદ્ધિ
અશક્ય લાગી મુજ સંગ છોડ્યો
એવો નિરાળો જનથી હું પાપી!
છતાંય ઝાલી મમતાથી રાખ્યો
ઉધ્ધારવા તેં જનની સ્વભાવ!
સમર્થ ના હું યશગાન ગાઉં!

૩૦

મહાન પાપી જનનો, જનેતા
ઉધ્ધાર વિશ્વે કરીને ચકિત
સૌને અહીં તું કરવા ચહેતો
આવ્યો હું તારે શરણે પતિત!
પ્રસંગ આવ્યો તક સાધી લે તું
પ્રસન્ન થૈ પાવન દે કરી તું!

૩૧

મિથ્યા પ્રશંસા નૃપની કરી કરી
વાણી બગાડી અવળી રીતોએ!
કુતર્કના નિત્ય અભ્યાસથી મેં
અશાંત કીધું મનને સદાયે!
નિહાળતા દુર્ગુણ કોણ સ્થાયે
સંબંધ, તારા વિણ સ્નેહ આપે?

(ક્રમશઃ)



# AMAZING EXPERIENCES (2)

–Hitesh Lad

**3rd Amazing Experience : 2 Bike Accidents**

After the dog incident, Maa continued walking up and down a couple of streets near the cottage. Today was unusual in that Maa was outside for almost 2 hours! Sometimes she would sit down and other times she would get up and walk. On this day the youth and a few adults went bike riding, so they were not present when Maa went for a walk. The youth had rented bikes and went riding on the many beautiful trails along the various lakes, rivers and mountains.

Back at the cottage Maa continued to walk outside and do her jaap. At one point, we suddenly saw Maa walk quickly up to the end of the street and then suddenly stop. She looked straight ahead and was very alert. It's as if she was observing something from a far distance. She had a serious and concerned face. She stood like that for a few minutes. Then she re-

sumed her normal walking. About 15 minutes later, the exact same thing happened! She suddenly walked quickly ahead and then just stopped. She again looked straight ahead and was very alert. Again, it's as if she was observing something from a far distance. Once again she had a serious and concerned look on her face. She stood like that for a few more minutes and then resumed her normal walk. After completing 2 hours of walking, Maa went back inside the house. An hour later, all the youth and the few adults who biking came back. In speaking with them, I came to know that 2 people got into a bike accident! They had said that they split into 2 different groups and that the accidents happened in each of the groups.

I talked to Pankajhbhai who was in one of the groups. He said it was he who got into a bike accident. He said he was going downhill and accidently pressed the front brake instead of the rear break. As a result he had flipped over and fell down. The right side of his hip hit a rock. He said he was okay due to Maa's grace, but that in seriousness, it could have been much worse. Then I found out that Uma, who was part



of the 2nd bike group also got into a bike accident! She also fell over. She also said she got lucky with a few scratches and that it could have been a lot worse, but that due to Maa's grace she was okay!

Then it suddenly dawned on me Maa's strange behavior during the walk in the afternoon! Could it be that Maa had observed Pankajbhai's accident and Uma's accident? I remembered that the first time Maa was alert was around 3:30 pm to 3:45 pm. I asked Pankajbhai if he knew roughly what time he had the accident. He said they were biking for about 3–4 hours and that he did not know. He said to ask his son Chinmay. Without giving any clue to Chinmay, I asked him around what time did Pankhajbhai have the bike accident? He thought for a second and then said that it was around 3:30 pm to 3:45 pm!

Is there anything that needs to be said here? Can we even understand the power of Siddha Purushas? Maa, you are always watching and protecing your devotees, no matter where they are! Thank you Maa! Thank you!

**4th Amazing Experience : Trip to Pikes Peak**

Thursday May 26, 2016. This is the 6th day of my stay in Van Vishram in Colorado. The days are being spent joyously at the feet of Maa and doing sadhana.

On this day, Maa asked all the new devotees who arrived this week to go on a one day sight–seeing trip. It was decided that we would drive up a mountain called 'Pike's Peak' and also visit a park called 'Garden of the Gods'.

We left Van Vishram at noon. Our first destination was Pike's Peak. It is one of the highest mountains in the southern part of the Us where you can drive your car all the way up to the peak, which stands 14,114 feet above sea level! We were all very excited as we heard the drive up was extremely incredible!

When we arrived at the base of pike's peak, **we were met with very disappointing news.** The attendant said that unfortunately the top of the mountains was closed today due to bad and unsafe weather conditions. She said we could go half–way up the mountain, up to mile 13 and then head back down again.



What were we supposed to do? We had driven 2 hours all the way over here, and now we could only go half–way up the mountain? We were all very disappointed. However, since we were here, we decided to go up to mile 13 and then come back down.

When we arrived at mile 13, we clearly saw that the road was blocked which prevented anyone from going higher. There was a parking lot, a gift shop and bathroom facilities. Many cars were parked here already as this was the highest point anyone could go today. Just as we approached the section of the road that was blocked, the Ranger (officer) suddenly made an announcement! He said the weather suddenly cleared up that they would be opening the road in 5 min! We could go up after all!! What an incredible miracle! And we were first in line too! That was such a wonderful surprise! Who could have imagined this! How could this be possible? Only Maa could have secretly arranged this so that her devotees would not be disappointed! Thank you Maa! Dhanyavad, Dhanyavad, Dhanyavad Maa!

**5th Amazing Experience : Trip to pikes peak**

As we started to drive and go higher and higher, the view as absolutely breathtaking and amazing! However, we ran into another obstacle! What now? When we reached mile 18, the road was blocked again. Everyone parked their cars on the side and decided to get out and enjoy the view. After all, it looked like this was the highest point we could go. We were so close to the top! Only 1 mile away! And yet we could not go up any higer! Well, Maa is always full of surprises! She does not want her children to be disappointed! Within 5 minutes, the Ranger (officer) came and announced that she had blocked the road at Mile 18 because she felt the weather was bad at the top. However, she said that she decided to change her mind and would allow everyone to go to the top. However, she strictly warned that the minute the weather would turn bad again, that she would send everyone down again.

How incredible is Maa's Krupa! How is it possible that weather cleared up? How is possible that the Ranger (officer) changed her mind?



Dhanyavad Maa, Dhanyavad! Hey Maa! Your grace is unlimited! Your compassion is magnanimous! You are the remover of obstacles!

Alas, we finally made it to the top of the mountain! The view was simply stunning! It felt like we were in the clouds! It was also very cold too! After we spent 30 min taking pictures and enjoying the view, we decided to head back to our cars and go down. As soon as we made this decision, thick clouds and fog began to appear. As soon as we reached our car, it started to rain! As we started going down the mountain, it started to snow which then turned to pouring rain! Can you believe it? How is it possible that it did not rain or snow while we were on top of the mountain? The Ranger (officer) did warn us that as soon as it starts to snow they would send everyone down and close the road. We were so incredibly lucky!

Thank you Maa, Thank you! May you always shower your blessing on all your devotees! Just as you have removed all the obstacles on our journey today, May you remove all the obstacles on the journey of our life!

**(To be continueded)**

# Holistic Health–સ્વાસ્થ્ય યાત્રા

—અશોક પટેલ (હેલ્થ કોચ)

આગળના અંકમાં આપણે પાણીના મહત્ત્વ વિષે સમજ્યા. આ અંકમાં આપણે પાણી શરીરમાં કેવી રીતે કામ કરે છે તે વિગતવાર જાણીશું જેથી પાણી દ્વારા સ્વસ્થ રહેવાના રહસ્યને સમજી શકાય.

તમામ જીવ સૃષ્ટિ પાણી પર આધારિત છે એ નિર્વિવાદ સત્ય છે. જીવન પાણીમાંથી જ ઉદ્દભવ્યું હોવાથી શરીરમાં આશરે ૭૩% પાણી છે. શરીરની અંદર રહેલું આ પાણી ખૂબ મહત્ત્વના અને જીવન ઉપયોગી કાર્યો કરે છે. આપણું શરીર ચરબીનો સંગ્રહ કરી શકે છે પરંતુ, પાણીનો સંગ્રહ કરી શકતું નથી. આપણે શરીરમાંથી રોજ લગભગ ૨૫૦૦ મિલિ પાણી ગુમાવીએ છીએ.

૧૪૦૦ મિલિ પેશાબ દ્વારા, ૭૦૦ મિલિ પરસેવા દ્વારા

૩૦૦ મિલિ શ્વાસ દ્વારા, ૧૦૦ મિલિ મળ દ્વારા

આ ગુમાવેલ પાણીની પૂર્તિ કરવી એ દરેક વ્યક્તિ માટે અનિવાર્ય છે. જો શરીરની જરૂરિયાત મુજબ પાણી ન આપવામાં આવે તો શરીરમાં નીર્જલાવસ્થા (Dehydration) ઊભી થાય છે. લાંબા સમયની નીર્જલાવસ્થા શરીરના રોગોનું કારણ બને છે. રોજ યોગ્ય જરૂરી માત્રામાં પાણી પીવામાં આવે તો નવા રોગો પર નિયંત્રણ લાવી શકાય છે અને જૂના રોગોને નિયંત્રિત કે દૂર કરી શકાય છે. અહીં એક વાત સમજવી જરૂરી



છે કે ચા–કોફી, દૂધ–છાશ, ફળોના રસો, દારૂ, ઠંડા પીણા જેવા પ્રવાહી પાણીનું કામ કરી શકતા નથી.

વિજ્ઞાનના આધારભૂત પુસ્તકોમાં પાણીના નીચે મુજબના કાર્યો વિષે કહેવાયું છે...

૧. પાણી તરસ છીપાવે છે.

૨. તે શરીરનું તાપમાન સામાન્ય જાળવી રાખે છે.

૩. તે શરીરમાં વિદ્યુત–વિભાજ્યો વચ્ચે સમતુલા જાળવી રાખે છે.

૪. તે પોષક દ્રવ્યોની હેરફેર માટે એ પરિવાહકનું કામ કરે છે.

૫. તે શરીરમાં ઉત્પન્ન થયેલા જૈવિક કચરાના નિષ્કાસનમાં મદદ કરે છે.

૬. મોટા આંતરડામાંથી મળના નિકાલમાં મદદ કરે છે.

હવે પાણી શરીરમાં કેવી રીતે કામ કરે છે તે વિગતવાર સમજીએ...

૧. પીધેલું પાણી મોઢાની શુષ્કતા દૂર કરીને સ્વાદના કોષોને કાર્યશીલ કરે છે. પાણી વિના જીભ વિવિધ સ્વાદોને પારખી શકતી નથી.

૨. મોઢાનું પાણી આગળ વધી અન્નનળી દ્વારા જઠરમાં તથા નાના આંતરડામાં પ્રવેશે છે. પેટ અને આંતરડાની કાર્ય પ્રણાલીમાં મદદ કરે છે. પાચનતંત્રની અંદરની દીવાલો પર એક સંરક્ષણાત્મક પડ જામેલું હોય છે. જરૂરિયાત મુજબ પીવાયેલ પાણી આ પડને જાડું બનાવી દે છે. જો આ પડ બરાબર જાડું હોય

તો ખોરાકને પચાવવા માટે પેટમાં ઉત્પન્ન થતું એસીડ પાચનતંત્રને નુકશાન કરી શકતું નથી.

૩. પેટમાંથી તથા આંતરડામાંથી શોષાયને પાણી રક્તપ્રવાહમાં ભળી જાય છે. રક્તપ્રવાહમાં ભળી લોહીને પાતળું બનાવે છે. લોહી પાતળું હોય તો જ તેમાં રહેલા એમીનો એસીડ અને ઉત્સેચકો યોગ્ય રીતે કામ કરી શકે છે. તે શરીરનું તાપમાન સામાન્ય રાખવામાં મદદ કરે છે તથા પોષકદ્રવ્યોને ઓગાળીને તેમની હેરફેર કરે છે. તે લોહીમાં રહેલા લાલ કણોને કાર્યાન્વિત કરી, તેમની પ્રાણવાયુ વહન કરવાની ક્ષમતા વધારે છે.

૪. લોહીમાં રહેલું પાણી, વિવિધ પોષક દ્રવ્યોને સાથે લઈને કેશવાહિનીઓમાંથી બહાર નીકળી શરીરના કોષોની આસપાસ પ્રસરી જાય છે. આ પાણી કોઈ પણ અવયવના કોષોને એકબીજા સાથે જોડી રાખે છે. સાથે સાથે તે કોષોને પોષક તત્ત્વો પૂરા પાડે છે તેમજ કોષોની અંદરથી એસીડ જેવા જૈવિક કચરાને બહાર ખેંચી કાઢે છે.

૫. શરીરમાં પાણીની માત્રા પર્યાપ્ત હોય તો કોષની બહાર રહેલું પાણી જોશભેર કોષોની અંદર પ્રવેશે છે. આ પ્રવેશ દરમ્યાન તે જળવિદ્યુત (hydroelectricity) ઉત્પન્ન કરે છે, જે બધા કોષોને ઉર્જાન્વિત કરે છે. ખરેખર ખૂબ પાણી પીવાથી વ્યક્તિ હંમેશા ચુસ્તી—સ્ફૂર્તિ અનુભવે છે.

o પાણી જ્યારે મગજના કોષોમાં પ્રવેશે છે ત્યારે તે મગજ શક્તિ વધારે છે. તે મનને શાંત અને પ્રસન્ન રાખે છે તેમજ ગાઢ ઊંઘ લાવે છે સમગ્ર જ્ઞાનતંતુની પ્રણાલીમાં પાણી અનિવાર્ય છે.



o પાણી આંખો—નાક—કાન—જીભ અને ચામડી જેવી જ્ઞાનેન્દ્રિયોમાં પ્રવેશતી વખતે પણ વીજળી ઉત્પન્ન કરે છે. જેથી જ્ઞાનેન્દ્રિયોની શક્તિ વધે છે. જીભને સ્વાદપારખું બનાવે છે અને ચામડીને સુંવાળી રાખે છે.

o આવી રીતે પાણી શરીરના દરેક અંગોના કોષોમાં પ્રવેશ કરી તેમને ઊર્જાન્વિત કરે છે.

o હાડકામાં પ્રવેશીને આ પાણી તેમને બરડ થતા અટકાવે છે. આપણા લોહીમાં જોવા મળતા લાલકણો, શ્વેતકણો અને પ્લેટલેટ્સ હાડકાની અંદરના પોલાણમાં (અસ્થિમજ્જામાં) બને છે. પાણી અસ્થિમજ્જાને ઊર્જાન્વિત કરીને શરીરની પ્રતિકારકશક્તિને ટોચ પર રાખે છે. સાંધાઓમાં તેમજ કરોડરજ્જુમાં આ પાણી ઊંજણનું કામ કરે છે. તે ગાદીઓને લચીલી રાખી ઘસારો અટકાવે છે.

૬. છેવટે, પાણી જૈવિક કચરાના વિસર્જન માટે મૂત્રપિંડ (Kidney) અને યકૃત (liver) તરફ લઈ જાય છે.

શરીરની જરૂરિયાતો પૂરી કર્યા પછી વધેલું પાણી પેશાબરૂપે, શ્વાસમાં રહેલ ભેજરૂપે તથા પરસેવારૂપે શરીરની બહાર નીકળી જાય છે.

આગળના અંકમાં પાણીના પ્રયોગો કેમ કરવા તેની વિગતવાર ચર્ચા કરીશું.

જય કૃપાળુ મા.

(ક્રમશઃ)

# યોગ સાધનાથી સમાધિ સુધી કેમ પહોંચાય? (૨)

—ટી.બી.પટેલ

આ જગતમાં જેમને જેમને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું છે તેમનો સ્પષ્ટ અનુભવ છે કે શુદ્ધતા પ્રાપ્ત કર્યા સિવાય આત્મા પ્રાપ્ત થતો જ નથી. શુદ્ધ થવું એટલે રાગદ્વેષ રહિત થવું—અહંકાર રહિત થવું—ઈચ્છાઓથી રહિત થવું. નિર્વિચારમાં સ્થિર થવું—સાક્ષીભાવનો સ્વીકાર કરવો સમત્વ ધારણ કરવું ને અનાસક્ત ભાવમાં સ્થિર થઈ પૂરેપૂરા સંપૂર્ણ રીતે પરમતત્ત્વ પરમાત્માને સમર્પિત થવું પડે છે. તો જ સિદ્ધિ સાંપડે છે. સિદ્ધિ પ્રાપ્ત કરવી છે એવો ભાવ પણ મનમાં ક્યાંય પણ રહેવો જોઈએ નહીં, ત્યારે જ સત્ય સાંપડે છે. આ સત્યને મનોમય શબ્દોમાં વ્યક્ત કરી શકાતું જ નથી. સત્યને કોઈ શબ્દ રચનામાં પણ ઢાળી શકાતું નથી કે વ્યાખ્યા થઈ શકતી જ નથી. આમ સત્યરૂપી જીવવાનું જ છે એજ તેની પ્રાપ્તિ છે, અનુભૂતિ છે.

આપણે જ્યારે સર્વભાવે પરમાત્માને આત્મ સમર્પણ કરેલું હોય છે ને સત્યરૂપ ધારણ કરીને જીવન સંગ્રામમાં જીવી જવા માંગીએ છીએ અને સત્યરૂપ પરમાત્માની અંતઃકરણપૂર્વક હૃદયથી સેવા કરવા જ્યારે ઈચ્છીએ છીએ ત્યારે દરેક ક્ષણો આપણે શું કરવા જેવું છે, શું નથી કરવા જેવું તેનું પૂરેપૂરું જ્ઞાન મળી જ રહે છે. આમાં આપણને એક પ્રકારની અંતઃપ્રેરણા અથવા અંતઃપ્રજ્ઞા પ્રગટ થાય છે, થતી જ હોય છે, કારણ કે આપણો અહંકાર સાવ જ ઓગળી ગયો હોય છે. એટલે જ



આપણે દરેક ક્ષણે જે તે ક્ષણ માટે શું સત્ય છે તેનું જ્ઞાન અંતઃપ્રેરણા દ્વારા પ્રાપ્ત થાય જ છે. આ વસ્તુ જ જીવનમાં રસપ્રદ છે. આનું નામ જ સત્યની પ્રાપ્તિ છે. આની અનુભૂતિ આજ રીતે થતી રહે છે.

આમ સાધના દ્વારા આપણે જાણી શકીએ છીએ કે સત્ય એ જીવંત ગતિશીલ વસ્તુ છે જે દરેક ક્ષણે આપણામાં પ્રગટ થઈ જ રહેલું છે. આજ શુદ્ધતા એજ પરમતત્ત્વ પરમાત્માને પહોંચવાનો એક શ્રેષ્ઠ માર્ગ છે. દરેક માણસ આ યોગ દ્વારા જ પરમાત્મા સુધી પહોંચી જ શકે છે. જરૂર છે માત્રને માત્ર આંતરિક રીતે અને બાહ્ય રીતે શુદ્ધતા પ્રાપ્ત કરવાની, ઈચ્છા રહિત થવાની, અનાસક્ત ભાવમાં સ્થિર થવાની.

જે વ્યક્તિ યોગના અઢારે અઢાર સિદ્ધાંતોનું સમજપૂર્વક અનુસરણ કરે છે ને ધારણા—ધ્યાન અને સમાધિમાં આગળ વધે છે. તેમ તેમ સંકલ્પો—વિકલ્પોથી મુક્ત થતો જ જાય છે. કારણ કે તર્કનું કાર્ય એક વિચારમાંથી બીજા વિચાર પર લઈ જવાનું હોય છે. આમ તર્કમાં કદાચ પરિણામો સારાં પણ મળે એમ બને, પણ આપણો તો સંકલ્પ—વિકલ્પ—ઈચ્છાઓ—આશાઓ—તૃષ્ણાઓથી મુક્ત થવાનું છે માટે આ બધાને તિલાંજલી આપવાની રહે છે ને બધી જ ઈચ્છા રહિત નિર્વિચારમાં સ્થિર થવાનું છે. મનને શુદ્ધ કરવાનું છે. તેને શુદ્ધ થવું ગમતું હોતું નથી, એટલે તેનો વિરોધ આવે જ છે. એમાં મનને સમજાવવું પડે છે ને મન સમજી જાય છે ને અમનની સ્થિતિમાં આવી જ જતું હોય છે, ને નિર્વિચારતા પ્રાપ્ત થાય છે. મન નિર્વિચાર થયું એટલે જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ જ્ઞાન જ આપણા આજ જીવન સંગ્રામમાં વ્યવહારું રીતે પ્રગટ થાય છે અને કષ્ટમાં અને

કામની ગતિમાં તે કાયમ પ્રગટ થતું જ રહે છે ને અજ્ઞાન નાબુદ થાય છે. આપણા સંશયો ટળી જાય છે આપણે અભયમાં સ્થિર થઈ જઈએ છીએ, પછી મૃત્યુનો પણ ભય રહેવા પામતો નથી. આપણું મૃત્યુ છે જ નહીં તેની અનુભૂતિ થાય છે. આ હકીકત જીવન સંગ્રામમાં દરેક પળે ખબર પણ પડતી જ રહે છે, જાણ થતી જ રહે છે, મળતી જ રહે છે.

આમ આપણે આપણાં જ સ્વસ્વરૂપને જાણી તેમાં સ્થિર થઈએ છીએ ત્યારે સત્ય શું છે, ચેતના શું છે, તેની પૂરેપૂરી જાણકારી પ્રાપ્ત થાય છે એનું નામ જ આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન પ્રાપ્ત થતાં જ પરમ શાંતિ—પરમ સુખ અને પરમ આનંદ પ્રાપ્ત થાય છે કારણ કે આપણે ભયમુક્ત બની ગયા હોઈએ છીએ. જીવનમાં ભય એજ દુઃખનું કારણ છે. જ્યારે ભય જ ન રહે તો પછી આનંદ સિવાય શું હોય! આમ પરમ આનંદની પ્રાપ્તિ થાય છે એનું નામ જ બંધન મુક્તિ છે મોક્ષની પ્રાપ્તિ છે આમ યોગ દ્વારા જ સિદ્ધિ મળે છે, કારણ કે યોગ જ શુદ્ધ કરે છે, શુદ્ધ કરવાની તાકાત ધરાવે છે. માટે યોગને જ અનુસરો એ જ સિદ્ધિ છે.

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# શ્રી કોકિલાબેન ૭૮માં વર્ષે પી.એચ.ડી થયાં

**—ભવન કચ્છી (ગુજરાત સમાચાર)**

મુંબઈ યુનિવર્સિટીના આ વર્ષે યોજાયેલ પદવીદાન સમારંભમાં જેઓને સર્ટિફિકેટ અને ચંદ્રકો એનાયત કરવાના હતા તે વિદ્યાર્થીઓ જોડે હરોળમાં એક જાજરમાન મહિલા પણ બેઠાં હતાં. બધા વિદ્યાર્થીઓને ક્ષોભ અનુભવતા એવું લાગતું હતું કે ભૂલથી કોઈ વિદ્યાર્થીના દાદી કે નાની તેઓ જોડે નથી બેસી ગયાં ને?

કાર્યક્રમ શરૂ થયો. એક પછી એક શાખાના સફળ વિદ્યાર્થીઓ સ્ટેજ પરથી સન્માન મેળવીને ગૌરવભેર ઉતરતા હતા તેવામાં સમારંભના સંચાલકે જાહેરાત કરી કે 'હવે જેઓએ પી.એચ.ડી થવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે, તેઓને નવાજવામાં આવશે' અને એનાઉન્સ થયું કે ''કોકિલાબેન શાહ કે જેઓ ૭૮ વર્ષની વયનાં છે તેમને તેમના 'વલ્લભાચાર્યના શુદ્ધ અદ્વૈત વેદાંત દર્શન' પર પી.એચ.ડી કરવા બદલ સ્ટેજ પર આવવા આમંત્રણ આપીએ છીએ.''

વિદ્યાર્થીઓ જ નહીં ઉપસ્થિત તમામના આશ્ચર્ય વચ્ચે કોકિલાબેન ઊભા થયાં. તાળીના ગડગડાટ અને ભાવવિભોર વાતાવરણની સંગાથે કોકિલાબેને સ્ટેજ તરફ ડગ માંડ્યા. તેમને પી.એચ.ડી એનાયત કરતા સમારંભના મુખ્ય મહેમાન યુનાઈટેડ નેશન્સના પર્યાવરણ અને બાયોડાયવર્સિટીના હેડ બાલાક્રિષ્ન પિસુપતિ તેમજ વાઈસ ચાન્સેલર સંજય દેશમુખ પણ કોકિલાબેનને મનોમન સલામ અને 'હેટ્સ ઑફ'ની મુદ્રા સાથે

લાગણીભીના થઈ ગયા હતા.

૭૮ વર્ષની વયે કોકિલાબેન હવે ડૉ.કોકિલાબેન બન્યા. કોકિલાબેને ૨૦૦૯માં પી.એચ.ડી માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમની આ વયની આવી પ્રગતિની પ્રેરણા અને તેના વિષય પરની સંશોધન પદ્ધતિ પર પ્રકાશ ફેંકતો તેમના પર અલાયદો લેખ રજૂ કરી શકાય.

પણ કોકિલાબેનનું જીવન માત્ર આ એક સલામી પૂરતું જ સીમીત નથી. થોડા ફ્લેશબેકમાં જઈએ. ૧૯૯૬માં કોકિલાબેનના જીવનમાં અચાનક જ ઝંઝાવાત આવ્યો. તેમને અસહ્ય નબળાઈ સાથે શરીર જાણે ધોવાતું જતું હોય તેમ જણાયા કરે. તે પછી તેમને પેશાબમાં તકલીફ અને ઝાડા થવાનું પ્રમાણ અસાધારણ રીતે વધતું ગયું. શિક્ષિત અને સંપન્ન પરિવાર. બે મહિના ગાયનેક પ્રોબ્લેમ, અશક્તિ જેવું માનીને દવા લીધી. હવે કુટુંબીઓને લાગ્યું કે તબીબી પરીક્ષણ કરાવવું જ રહ્યું. ઘરના કોઈએ પણ દૂરની કલ્પના નહોતી કરી તેમ નિદાનમાં ગર્ભાશયનું કેન્સર આવ્યું. પતિ, સંતાનો અને નજીકના સંબંધીઓ હચમચીને ત્વરીત ભાંગી પડ્યા હતા ત્યારે તેઓ કોકિલાબેનને તો કઈ રીતે આશ્વાસન આપે! જો કે કોકિલાબેન પહેલેથી જ દ્રઢ મનોબળ અને પોઝિટિવ મિજાજના માલિક રહેલા પણ 'કેન્સર એટલે કેન્સલ' તેમ વિચારનો ચમકારો થતાં જ તેની નજર સામે પતિ અને સંતાનો તરવરી ઉઠતાં.

થોડા દિવસની ગમગીની બાદ કોકિલાબેને 'વન્સ ફોર ઓલ' મક્કમતાથી સંકલ્પ કર્યો કે 'મારે પ્રત્યેક ક્ષણ માથા પર મૃત્યુના ફફડાટ સાથે નથી જીવવું. હું મારી બીમારી સામે લડી લઈશ. વીરતાથી છેક છેલ્લા શ્વાસ સુધી ઝઝૂમીશ. મારે



'આનંદ' ફિલ્મના હીરોની જેમ જીવી બતાવવું છે.'

૭ જૂન, ૧૯૯૬ના રોજ ૫૮ વર્ષીય કોકિલાબેનનું ગર્ભાશયના કેન્સનું નિદાન થયું અને ૧૨ જૂને મુંબઈની જસલોક હોસ્પિટલમાં તેમનું ઓપરેશન હાથ ધરાયું. કેન્સર ગર્ભાશય ઉપરાંત બ્લેડર અને આંતરડામાં પણ ફેલાઈ ચુક્યું હતું. ડૉક્ટરોને પેટ ચીર્યા પછી આ ગાંઠો આ હદે પ્રસરી છે તેની જાણ થતાં સાત કલાક સુધી મેજર સર્જરી તેમના પર કરવામાં આવી. તેમના પુત્ર, પુત્રી, પુત્રવધુ અમેરિકાથી ખાસ હાજર રહ્યા હતા. છ જેટલી ટ્યુબ શરીર જોડે સોય ભોંકીને તેમને લાંબા સમય માટે પથારીમાં રહેવાનું હતું. અસહ્ય પીડા અને નબળાઈ વચ્ચે તે માંડ બોલી એટલું જ પુછતાં કે, 'મારી સાથે આવી યાતના શું કામ?'

કોકિલાબેનની પ્રકૃતિની એક લાક્ષણિકતા છે કે તેઓ ઢીલા બની જાય તે પછી સ્વગત, તેમના મન જોડે વાત કરતા હોય તેમ પડકાર ઝીલવાનો કોલ આપી દે. કોકિલાબેન ચાલીસ વર્ષની વયે એમ.એ. થયેલાં. ઘરમાં પણ વાંચન, ધર્મ, અધ્યાત્મ, કુટુંબીઓ વચ્ચે સત્વશીલ સંવાદ રહેતો હોઇ આવે સમયે કોકિલાબેન આ કારણોથી ટકી ગયાં. તેમણે તેની જાત જોડે જ જાણે કાઉન્સેલિંગ કરતા હોય તેમ મનોમય સંવાદો કરવાની શૈલી અપનાવી. જે પણ હતાશા કે પીડા જન્મે તો તેમણે જાણેલું તત્ત્વજ્ઞાન જ ઉત્તરમાં મૂકીને સમાધાન કરે. જો કે આ જેટલું કહેવું કે વાંચવું સહેલું લાગે તેવું નહોતું.

તેમની માતાના શબ્દો યાદ આવતા કે, 'દેહને સારા—નરસા તમામ તબક્કાઓમાંથી પસાર થવું જ પડે. શ્રી રામક્રિષ્ન પરમહંસ જેવાને પણ નિયતિનો નિયમ લાગુ પડે.' કુટુંબીઓની હૂંફ પણ હતી જ.

૧૦ જુલાઈથી એટલે કે સર્જરીના ચાર અઠવાડિયા બાદ કેમો થેરેપીના છ રાઉન્ડ શરૂ થયા.

આ એક ભયંકર દોઝખ સમાન શારીરિક અને માનસિક સમયગાળો હતો. કેમો થેરેપીના પહેલા જ રાઉન્ડ બાદ જ કોકિલાબેનના માથા પરના જ નહીં આંખો પરની પાંપણ અને ભ્રમરના વાળ પણ ખરી પડ્યા. અગાઉ કોકિલાબેનના વાળ લાંબા, ઘટાદાર અને ચમકતા હતા. કેમો થેરપીના રાઉન્ડ ઓક્ટોબર સુધી ચાલ્યા. દેહમાં બળતરા, ભારે બેચેની, થકાન અને અંગો જાણે ખોટા પડી ગયા હોય તેવું જણાતું. આ સમયે તેમના પતિ, કુટુંબીઓ અને મિત્રોએ તેમને ભાંગી જાય તે સાથે જ સાંત્વના આપતા રહેવાનું જારી રાખ્યું.

કેમો થેરેપીની અસરને ઓછી કરવા અને પ્રતિકારક શક્તિ વધે તે માટે કોકિલાબેને જવારાનો રસ પીવાનો શરૂ કર્યો જે ક્રમ પછીના અઢી વર્ષ સુધી ચાલ્યો.

એક્યુપ્રેશરથી પણ તેમને રાહત થઈ. કોકિલાબેને દેહના પોતે જાણે નિરીક્ષક હોય તેમ મનને કેળવ્યું. તેમણે સતત એવું અનુભવવાનો પ્રયત્ન કર્યો કે દેહ અને આત્મા બંને જુદા જુદા છે. કોકિલાબેનનું મનોબળ વધુને વધુ કેળવાતું ગયું. દેહને મિત્રની જેમ સાથ—સહકાર આપવો પણ તે ગમે ત્યારે સાથ છોડી શકે છે તેવું તત્ત્વજ્ઞાન કામે લગાડ્યું. આત્મા જ ચઢિયાતો છે તેની ઉન્નતિ જ આખરે સંતોષ આપે છે તેમ મનનું સિંચન કરતાં રહ્યાં.

સારવારનો તબક્કો પૂરો થયો તે પછી કોકિલાબેન તેમના પતિ સાથે અમેરિકા—ડેટ્રોઈટ ગયાં જ્યાં તેમની પુત્રી અને જમાઈ ડૉક્ટર છે. ત્યાંના ડૉક્ટરે કોકિલાબેનના તમામ મેડિકલ



ટેસ્ટ લીધા અને નિદાન કર્યું કે ભારતના ડૉક્ટરોએ તમારી પ્રશંસનીય સારવાર કરી છે. તમે કેન્સરમુક્ત છો. પણ ગર્ભાશયના કેન્સરના દર્દીને ઓપરેશનના દોઢ વર્ષ સુધી ફરી કેન્સર થઈ શકે તેવા ૪૦ થી ૬૦ ટકા ચાન્સ હોય છે. બસ આ સમયગાળા પર નજર રાખો. બે મહિના અમેરિકામાં રહીને પરત આવ્યાં ત્યારે કોકિલાબેન જાણે કેન્સર હતું જ નહીં તેટલાં સ્વસ્થ થઈને આવ્યાં. અત્યાર સુધી તેઓ મુંબઈમાં પતિની ઓફિસની માલિકીના ઘરમાં રહેતાં હતાં હવે મુંબઈમાં પોતાના ફ્લેટમાં તેઓ શિફ્ટ થયાં એટલે કોકિલાબેને ઘરના ઈન્ટિરિયર ડેકોરેશનમાં સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કર્યું. આમ છતાં કેન્સર ફરી નહીં થાય ને? ફરી આકાર નહીં પામતું હોય ને? જેવા વિચારોથી મન ઘેરાઈ જતું, થોડી એવી નબળાઈ લાગે કે અલ્ટ્રા સાઉન્ડ અને સીએ ૧૨૫ માર્કર ટેસ્ટ કરાવવા દોડી જતાં હતાં. બે વર્ષ પુરા થયા અને ફરી કોકિલાબેન કેન્સરમુક્ત જાહેર થતા બધાની ખુશીનો પાર ના રહ્યો. કોકિલાબેન કહે છે કે તમારામાં, તમારા ડૉક્ટરમાં અને એબોવ ઓલ દ્રઢ નિશ્ચય સાથે ઈશ્વરમાં શ્રદ્ધા કેળવો. જીવવાની તીવ્ર ઈચ્છા ધરાવો, નકારાત્મક વલણથી દૂર રહો. દુનિયાના કરોડો દુઃખીઓને જોઈને તેમના પ્રત્યે સહાનુભૂતિ કેળવો.

તમને થશે કે કોકિલાબેનની ભારે પ્રેરણાદાયી જીવનગાથા આ સાથે પૂર્ણ થઈ. પણ હજુ આપણે તેમના પાસેથી ઘણું શીખવાનું છે.

કેન્સરમાંથી મુક્ત બન્યા બાદ તેમણે તેના પુત્ર પાસેથી ઈન્ટરનેટનો ઉપયોગ અને કમ્પ્યુટરના એપ્લિકેશન્સ શીખ્યાં. તેમણે ''દાદા દાદી હોટલાઈન'' ટાઈટલ સાથે બ્લોગ લખવાનું

શરૂ કર્યું. નવરા પડતા જ ગૂગલ પર સર્ચ કરીને કંઈક વાંચે. જે વિચારે તે લખીને સામયિકોમાં મોકલે અને તે પ્રકાશિત પણ થાય.

કોકિલાબેને પી.એચ.ડી. કર્યું, તે પહેલા કેન્સરને ઉદાહરણીય રીતે હરાવ્યું પણ ઈશ્વર તેની કસોટી એ હદે કરતો રહ્યો છે કે કોઈની પણ શ્રદ્ધા ઊઠી જાય. તો હવે હૃદય વધુ હચમચી ઊઠે તેવી તકેદારી સાથે એ પણ જાણો કે કોકિલાબેનનો મોટો પુત્ર આઈ.આઈ.ટી.માંથી સ્નાતક થઈને એમ.એસ. અમેરિકાની કનેક્ટીકટ યુનિવર્સિટીમાંથી થયો અને પી.એચ.ડી. કરતો હતો તે દરમ્યાન કાર અકસ્માતમાં તેનું મૃત્યુ થયું હતું. કોકિલાબેન આ આઘાત પછી કેન્સર સામે ઝીંક ઝીલી હતી. તેમની પરણીત પુત્રીએ એમ.બી.બી.એસ. અને એમ.ડી. બોમ્બે યુનિવર્સિટીમાંથી કર્યું છે. તેણે રેડિયોલોજીમાં અમેરિકા જઈને સ્પેશ્યલાઈઝેશન કર્યું છે. હાલ તે મિશિગન યુનિવર્સિટી, ડેટ્રોઈટમાં સિનિયર કન્સલ્ટન્ટ છે. તેમના સૌથી યુવાન પુત્ર મુંબઈ યુનિવર્સિટીમાં ઈલેક્ટ્રીકલ એન્જિનિયર બનીને ટેક્સાસમાંથી એમ.એસ. થયો અને હાલ સાનફ્રાન્સિસ્કોમાં પિકસારમાં ડાયરેક્ટર છે.

યુવા પુત્રનો વિયોગ માતાને કઈ હદે ભાંગી નાંખે અને તે પછી તેનું જીવન જ ઉજ્જડતાથી માતા પૂરું કરે પણ કોકિલાબેને આવા સંતાનોનો ઉછેર પણ કર્યો તે જ બતાવે છે કે તેમનું એક ઉદાહરણીય કુટુંબ સંવર્ધન કરવામાં કઈ હદે પ્રદાન હશે.

વેલ...હવે ક્લાઈમેક્સમાં પ્રવેશીએ. કોકિલાબેનને ૭૨ વર્ષની વયે પી.એચ.ડી. કરવાનો વિચાર આવ્યો. પતિ અને સંબંધી મિત્રએ તેમને તમામ સહકાર—પ્રોત્સાહન આપ્યું. એટલે



સુધી કે કોકિલાબેનને તત્ત્વજ્ઞાનને જ જીવાડ્યા હોઈ તેમને જે પણ આધ્યાત્મિક પ્રશ્નો હતા તેમનું નિરાકરણ કરવા સંશોધનો અનિવાર્ય લાગ્યું. તેમને વલ્લભાચાર્યમાં શ્રદ્ધા હોઈ તેમના અદ્વૈત વેદાંતનો પી.એચ.ડી હોઈ તેમણે કોકિલાબેનને પ્રેરિત કર્યાં. આમ પણ હવે નિવૃત્ત હોઈ ભૂતકાળમાં ક્યારેય નહોતો આપ્યો તેટલો સમય કોકિલાબેનને આપતા હતા. એ પણ જણાવી દઈએ કે કોકિલાબેનના પતિ બેંક ઓફ બરોડાના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર હતા. કોકિલાબેન આટલા ઉચ્ચ હોદ્દો ધરાવતા અધિકારીના 'ડાઉન ટુ અર્થ' પત્ની હતા.

સંતાનોનો સંપૂર્ણ ઉછેર—અભ્યાસ કોકિલાબેનની જ નજર—પ્રભાવ હેઠળ રહ્યો.

પતિ જોડે પી.એચ.ડી.નું કામ આગળ ધપાવે. પતિ લાઈબ્રેરીએ લઈ જાય. રેફરન્સમાં પણ સાથ આપે.

૨૦૦૯માં રજીસ્ટ્રેશન બાદ ત્રણ વર્ષ આ રીતે બંનેએ જીવનના યાદગાર સંગાથના દિવસો માણ્યા. ત્યાં ૨૦૧૨માં પતિનું અચાનક નિધન થયું. કોકિલાબેન માટે આ અલ્ટિમેટ વજ્રઘાત હતો. હવે તેમને કેટકેટલી વાર કોઈ આશ્વાસન આપી શકે. યુવા પુત્રનું નિધન, કેન્સર અને હવે પતિનું નિધન.

કોકિલાબેનનું મનોબળ હવે જાણે રાખનો ઢગલો બની ગયું હતું. થોડા મહિના ગુમસુમ રહ્યા. સંતાનોએ અમેરિકાથી આવીને સાથે રહીને સતત હૂંફ આપી. અમેરિકા પણ તેમને લઈ ગયા.

કોકિલાબેનને એક વખત વિચાર આવ્યો કે 'પતિ ઉપરથી એમ જ કહે તારી પી.એચ.ડી. પુરી કર. તે આપણો પ્રોજેક્ટ હતો. મને તો જ પરમ શાંતિ અને આનંદ મળશે.' કોકિલાબેને

ફરી ફાઈલો ખોલી. સંદર્ભગ્રંથો માટે યુનિવર્સિટી જતા થયા. ૨૦–૨૨ વર્ષના વિદ્યાર્થીઓ તેમને આન્ટી કે ગ્રાન્ડમોમ કહેતા. ઘણા તેમને નિવૃત્ત પ્રોફેસર માનતા. કોકિલાબેને પી.એચ.ડી કરી બતાવ્યું. વિષય તત્ત્વજ્ઞાન અને વેદાંતનો હોઈ કોકિલાબેનને જીવન દ્રષ્ટિ માટેનું બળ પણ મળતું રહ્યું.

અને છેલ્લે...કોકિલાબેન ગુજરાતના રાજપીપળાના વતની છે. લગ્ન કરીને મુંબઈમાં સ્થાયી થયાં હતાં. તે વખતે તેમણે બીએ સુધી અભ્યાસ કર્યો હતો અને એક વર્ષ શિક્ષિકા તરીકે રાજપીપળામાં જે શાળામાં અભ્યાસ કર્યો ત્યાં જ નોકરી કરી હતી. લગ્ન બાદ ત્રણ સંતાનોના ઉછેર ઉમદા રીતે થઈ શકે તેથી વહેલી સવારે ઉઠીને અવનવી પ્રવૃત્તિ, વાંચન, સંવાદ સંતાનો જોડે કરતા, સંતાનોના પાયાના વર્ષોના ઘડતર બાદ ૪૦ વર્ષની વયે મુંબઈની એસ.એન.ડી.ટી. કૉલેજમાંથી ફૂલટાઈમ વર્ગમાં હાજર રહીને એમ.એ.વીથ ગુજરાતી સાહિત્ય કર્યું. તે વખતે તેનો એક પુત્ર દસમા ધોરણમાં હતો. તેઓ યુનિવર્સિટી ફર્સ્ટ રહ્યાં.

મનોવિજ્ઞાનમાં રસ હોઈ ૫૫માં વર્ષે તેમણે એમ.એ.વીથ સાયકોલોજી કર્યું. થોડા મહિનાઓ પુત્ર જોડે અમેરિકા રહ્યાં તો ત્યાં દર્દીઓને માટેના કાઉન્સેલિંગનો સર્ટિફિકેટ કોર્સ કર્યો અને હોસ્પિટલમાં જઈને તેમ કરતાં. આગળ જતાં આ જ કાઉન્સેલિંગ તેમને કેન્સરની બીમારી વખતે કામ લાગ્યા.

છે ને કોકિલાબેનની જીવન ગાથા તુફાન ઔર દિયા જેવી.



# સંક્ષિપ્ત ગાયત્રીમંત્ર

શ્રી યોગેશ્વરજી

હિમાલયનો પુણ્યપ્રદેશ. એમાં ગંગાના પ્રશાંત તટ પર વસેલું શાંત અને સુંદર સ્થળ હૃષિકેશ. ઈ.સ. ૧૯૪૩ ની સાલ.

એ વખતે હૃષિકેશ આટલું બધું આધુનિક તેમજ વસ્તીવાળું ન હતું. એની અસાધારણ શાંતિ તથા પ્રાકૃતિક સુંદરતાથી મુસાફરો મંત્રમુગ્ધ બનતા. જો કે આજે એની વસતિ વધી છે ને પ્રતિવર્ષ ભારતના બીજા પ્રદેશોની પેઠે વધતી જાય છે, છતાં લોકોનું આકર્ષણ એવું જ અબાધિત રહ્યું છે. લોકો એની અસાધારણતા જોઇ સ્તબ્ધ બને છે ને શું અવર્ણનીય સૌંદર્ય છે! શું ઊંડી શાંતિ છે! જાણે સ્વર્ગ જ જોઇ લો! એવા આશ્ચર્યજનક ઉદ્‌ગાર કાઢે છે. એના વિશાળ ત્રિવેણીઘાટ, શાંત સમાધિ ધરીને ઊભા રહેલા માયાકુંડ, પ્રવાસીના શબ્દોના પ્રતિધ્વનિ પાડનારી વસુધારા, કાળી કમળીવાળાની સાધુસેવાનું વ્રત લઈને શરૂ થયેલી સંસ્થા સ્વર્ગાશ્રમ ને લક્ષ્મણ ઝૂલાનું નિરીક્ષણ કરીને આશ્ચર્ય અને આનંદમાં ગરકાવ બનેલો પ્રવાસી એ પુણ્યપ્રદેશના પ્રવાસનું સુભાગ્ય સાંપડવા બદલ, પોતાની જાતને ધન્ય કૃત્યકૃત્ય માને છે અને ઘડી બે ઘડી પરમાત્માની પરમ રહસ્યમયી લીલાનું સ્મરણ કરતો થઇ જાય છે.

જેણે એ પુણ્યપ્રદેશનો પ્રવાસ કર્યો હશે તેને એની અજબ સંમોહનશક્તિનું સ્મરણ હશે જ.

એ પ્રશાંત પ્રદેશના મારા નિવાસ દરમ્યાન એક ઉચ્ચ કોટિના મહાત્મા પુરુષે મને રોજના હજાર ગાયત્રી મંત્રના જાપ

કરવાની સૂચના કરી. અમુક સંખ્યાના જપ કરવાથી માનસિક શાંતિ પ્રાપ્ત થશે એવું એમનું કહેવું હતું. એ દિવસોમાં મારે માનસિક શાંતિ તથા આત્મવિકાસ માટે આગળના માર્ગદર્શનની આવશ્યક્તા હતી, એટલે મહાત્મા પુરુષની સૂચનાને મેં સપ્રેમ વધાવી લીધી.

શ્રદ્ધા, ઉત્સાહ ને ભક્તિભાવથી પ્રેરાઈને થોડા વખતમાં જ મેં ગાયત્રી જપ શરૂ કર્યા.

શાસ્ત્રોમાં ગાયત્રી વિશે તો ઘણું ઘણું કહેવામાં આવ્યું છે. એની જપવિધિ પણ બતાવવામાં આવી છે. જેને ગાયત્રીનું પુરશ્ચરણ કરવું હોય તેને માટે પથપ્રદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું છે. રોજના હજાર ગાયત્રીજપ કરનારના જીવનમાર્ગમાંથી મોટામાં મોટી મુશ્કેલીઓ પણ દૂર થાય છે અને એનો માર્ગ સરળ બની જાય છે તથા એને સર્વ પ્રકારે સુખ, શાંતિ ને સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. એવી અનુભવવાણી પણ એમાં ઉચ્ચારવામાં આવી છે. પરંતુ મને તો એ મંત્રના જપથી લાભ થયો જ. ત્રણેક મહિનામાં તો હું એની અસર અનુભવી શકી. મને શાંતિ મળી, પ્રકાશ જડ્યો અને આગળનો મારો સાધનામાર્ગ ખુલ્લો થયો. મારા અંતરમાં આનંદ ફરી વળ્યો.

છતાં મને એટલું તો લાગ્યું જ કે ગાયત્રીમંત્ર પ્રમાણમાં વધારે લાંબો છે, ને જપનારની ધીરજની કસોટી કરે એવો છે. મને થયું કોઈ ટૂંકો મંત્ર કેવી રીતે મળે? પહેલાંના ઋષિઓ મંત્રદૃષ્ટા કહેવાતા; કારણ તેમને પરમાત્માની કૃપાથી સમાધિમાં મંત્રોનું દર્શન થતું. એ કાળ તો ચાલ્યો ગયો. હવે કાંઈ એવું બની શકે? એવા ઋષિ અને એવા લોકોત્તર અનુભવો કાંઈ આ જમાનામાં હોય?



એવો વિચાર કરી રહ્યો હતો ત્યાં તો એક ધન્ય દિવસે એક વિલક્ષણ અનુભવ થયો.

સમાધિની અલૌકિક અવસ્થામાં મને કોઈ સિદ્ધપુરુષોની મંડળી દેખાઈ. સિદ્ધપુરુષોમાંના કેટલાકના હાથમાં ઢોલક ને કરતાલ તથા મંજીરાં હતાં. તે બધા ચૈતન્ય મહાપ્રભુની જેમ સમૂહનૃત્ય કરતા ધીરે ધીરે આગળ આવ્યા ને સંવાદી સુધામય સ્વરમાં ગાવા માંડ્યા. એમનો સ્વર અત્યંત આહ્‌લાદક, મધુર ને સ્પષ્ટ હતો :

ૐ ભૂર્ભુવઃ સ્વઃ,

ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ

ૐ ભૂર્ભુવઃ સ્વઃ,

ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ

એ પ્રમાણે અવિરામ રીતે, એ ઉપરાછાપરી ગાયે જતા હતા. એમનું સંગીત સાંભળી કાન અમૃતમય બન્યા, જીવન ધન્ય થયું. લગભગ વીસથી પચીસ મિનિટ એ અનુભવ ચાલુ રહ્યો. પછી મારી સમાધિ દશાનોય અંત આવ્યો, મને ભાન આવ્યું. હંમેશના નિયમ મુજબ મેં એ અનુભવ નોંધપોથીમાં લખી લીધો.

એ સંક્ષિપ્ત ગાયત્રી મંત્રનો જપ એ પછી મેં અનેકવાર કર્યો છે. એથી મને લાભ પણ થયો છે, કોઈ પ્રકારનું નુકશાન તો નથી થયું.

વૈદિક કાળના પ્રાતઃસ્મરણીય ઋષિવરોને અતીન્દ્રિય અવસ્થામાં જે અવનવા મંત્રો મળતા, તે આવી રીતે પણ મળતા

હશે તેની મને ખાતરી થઈ. એ મંત્રોની પ્રાપ્તિ કે ઉપલબ્ધિના પ્રકાર બીજા કેટલાક પણ છે, એવું અનુભવને અંતે જણાયું છે, પરંતુ આ પણ એક પ્રકાર છે એ ચોક્કસ છે.

એ સિદ્ધપુરુષો કોણ હશે તે તો ઈશ્વર જાણે; પરંતુ તેમણે મને દર્શન દઈ એક અવિસ્મરણીય, અમુલખ વસ્તુની ભેટ આપી એ માટે એમનો આભારી છું.

જેમની પણ ઈચ્છા હોય તે આ સંક્ષિપ્ત ગાયત્રી મંત્રનો લાભ લઈ મદદ મેળવી શકે છે. આ સ્વાનુભવ પ્રસંગના રહસ્યોદ્‌ઘાટન પાછળનો હેતુ છે—બીજાને મદદરૂપ થવાનો.

ચિત્ત જ્યાં બંધાઈ ગયું તે બંધન અને છૂટી ગયું એ મુક્તિ. બાઈબલ કહે છે જેની પાસે છે એને મળશે અને નથી એની પાસેથી આંચકી લેવાશે. રહસ્યમય વાત છે—આંતરિક વહેવારમાં જેની પાસે પ્રેમ ભરપૂર છે એને બધા પ્રેમ કરે અને જેની પાસે પ્રેમ નથી અને જોઈએ છે એને કોઈ નહીં કરે.

—સ્વામી બ્રહ્મવેદાંતજી

✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻
પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,
બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી—૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# જીવ પાછો ફરીને કેમ આવે છે?

—સ્વામી રામસુખદાસજી

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં ભગવાને કહ્યું છે કે આ જીવ સાક્ષાત્ મારો જ અંશ છે.

**'મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।'**

(૧૫ । ૭)

આ મારો અંશ અહીંયાં જીવલોક એટલે કે સંસારમાં આવીને જીવ બન્યો છે. અને—

**'યદ્‌ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ।'**

(૧૫ । ૬)

'મારું પરમધામ એવું છે, જ્યાં ગયા પછી પાછા આવવું પડતું નથી.' તો પછી જીવે ભગવાનના ધામમાં જવું જોઈએ. જે રીતે કોઈ સંતાન પોતાના પિતાના ઘરે જાય છે. તે જ પ્રમાણે જીવે ભગવાનના ધામમાં જવું જોઈએ. આ જીવ પાછો ફરીને સંસારમાં કેમ આવે છે?

હવે તમે ધ્યાન દઈને આ પ્રશ્નનો જવાબ સાંભળજો. જે પ્રમાણે તમે અમે સૌ સત્સંગ માટે આવ્યા છીએ અને વખત પૂરો થતાં અહીંયાથી ચાલ્યા જઈશું. જો જતી વખતે આપણી ચાદર ભૂલથી અહીંયા રહી જાય કે બીજી કોઈ પણ ચીજ અહીંયાં રહી જાય તો આપણે તે લેવા પાછા આવવું પડશે. તે જ પ્રમાણે આ જીવે સંસારમાં જે જે ચીજો જોડે મમતા કરી લીધી. પછી તે ઘર, કુટુંબ, જમીન, રૂપિયા કંઈ પણ હોય, તેમનાથી અલગ થતી

વેળાની મમતાને કારણે એને પાછા ફરીને આવવું પડે છે. સંસારની જે ચીજોને પોતાની માની છે, ત્યાં પરત આવવું જ રહ્યું. આ શરીર તો સદા રહેવાનું નથી, આથી બીજું શરીર ધારણ કરીને આવવું પડશે. હવે કોઈ પણ યોનિમાં જન્મ લે. તેણે તે વસ્તુઓની પાસે આવવું પડશે.

અમે એક કથા સાંભળેલી છે. એક વખત શ્રીગુરુ નાનકજી મહારાજ ક્યાંક જતા હતા. તેમની સાથે તેમના બે–ચાર શિષ્યો પણ હતા. કોઈક શહેરના અનાજ બજારમાંથી પસાર થયા. અનાજ (ગંજ) બજારમાં ઘઉં, જવ, બાજરો, મઠ, ચણા વગેરે અનાજના ઘણાંય ઢગલા પડેલા હતા. એટલામાં એક બકરો આવ્યો અને મઠના ઢગલામાંથી મઠ ખાવા લાગ્યો. ત્યાં ઢગલાનો માલિક બેઠેલો હતો, તેણે બકરાના વાળ પકડી લીધા અને મોં પર દંડા મારવા લાગ્યો. સારો એવો માર મારીને એણે મોઢામાંના દાણા કઢાવી લીધા. આ દૃશ્ય જોઈને શ્રીગુરુ નાનકજી મહારાજ હસ્યા. સાથેના શિષ્યોને નવાઈ લાગી. તેમણે પૂછ્યું– 'મહારાજ! બકરાને માર પડ્યો અને તમે હસો છો, સંતોના દરેક કાર્યમાં કોઈ રહસ્ય હોય છે. તો મહારાજ! તમે શા માટે હસ્યા? તેનું રહસ્ય કહો!' ત્યારે શ્રીનાનકજી મહારાજ બોલ્યા– 'જુઓ! જે મારી રહ્યો છે, તે વાણિયો આ બકરાનો દીકરો છે અને આ બકરો આ વાણિયાનો બાપ છે. આના આગલા જન્મે એ આ દુકાનનો માલિક હતો. આ દુકાનમાં બેસવાનો એનો સ્વભાવ હતો. અંદર દુકાન અને બહાર જે આ વરંડો છે. તેમાં એ બેસી રહેતો હતો. તેથી આજકાલ પણ રાત્રે આ બકરો અહીંયા જ બેસે છે. એને યાદ નથી. પણ એને આ જગ્યા ગમે



છે. એણે મોટા–મોટા દેવતાઓની માનતા માનીને આ દીકરો મેળવ્યો હતો. કમાયેલું ઘણું બધું ધન આ બકરાનું છે. પણ આજે થોડા અમસ્તા દાણામાં પણ એનો ભાગ નથી. ખાવા આવે છે, તો માર પડે છે અને મોંમાંથી દાણા કાઢી લેવાય છે. લોકો તેમ છતાં સંગ્રહ કરતા રહે છે.'

આ જીવ જે કોઈ પણ વસ્તુ કે જગ્યામાં આસક્તિ, ગમો કે વાસના રાખશે તો તેણે મરણ બાદ ચાહે કોઈ પણ યોનિ મળે, એ જ જગ્યાએ આવવું પડશે. પશુ–પક્ષી, ચકલી, ઉંદર વગેરે તે જ ઘરમાં જાય છે. જેમાં પૂર્વ–જન્મમાં રાગ હતો.

**'કારણં ગુણસંગોऽસ્ય સદસદ્યોનિજન્મસુ ।'**

(ગીતા ૧૩ । ૨૧)

ઊંચ–નીચ યોનિઓમાં જન્મ થવામાં કારણભૂત છે– ગુણોનો સંગ, આસક્તિ, પ્રિયતા, વાસના. જે જડ ચીજોમાં પ્રેમ રાખશે, તેણે ફરીને પાછા આવવું પડશે. જેને જડ ચીજોમાં આસક્તિ કે પ્રિયતા નથી અને ભગવાનની સાથે પ્રેમ છે, તે ભગવાનને પામી જાય છે. એટલી વિલક્ષણતા છે કે અંતકાળે પણ ભગવાનનું સ્મરણ કરનારો નિઃસંદેહ ભગવાનને પામી જાય છે. અંતકાળે પણ યાદ કરી લે તો બેડો પાર છે–

**'અંતકાલે ચ મામેવ સ્મરન્મુક્ત્વા કલેવરમ્ ।**
**યઃ પ્રયાતિ સ મદ્ભાવં યાતિ નાસ્ત્યત્ર સંશયઃ ॥'**

(ગીતા ૮ । ૫)

અંતકાલના સ્મરણથી પણ આ જીવ ભગવાનને પામી જાય છે, કેમ કે એનો ભગવાન સાથે ઘનિષ્ઠ સંબંધ છે. ભગવાનનો અંશ હોવાને લીધે એ ભગવાનની સન્મુખ થતાં જ ભગવાનને

પામી જાય છે. એમાં શંકાની કોઈ વાત નથી. તો પછી એ પાછો ફરીને કેમ આવે છે? એમાં ખાસ કારણ એ છે કે સંસારની ચીજોમાં પોતાનાપણું કરી લીધાથી તેણે લાચાર બનીને અહીંયાં આવવું પડે છે. આ જીવનું મન સંસારમાં ખેંચાઈ જાય છે, ત્યારે ભગવાન પછી એવો જ મોકો આપી દે છે એટલે કે જન્મ આપી દે છે. આથી જીવે અહીંયાં રહેવા છતાં નિર્લેપ રહેવું જરૂરી છે. ભીતરમાં મમતા, આસક્તિ કરીને ફસાવું નહીં.

એમ માનવું કે ઠાકોરજીનો સંસાર છે, ઠાકોરજીનું કુટુંબ છે, ઠાકોરજીના રૂપિયા છે, ઠાકોરજીનું ઘર છે. આપણે તો ઠાકોરજીનું કામ કરીએ છીએ. મુનીમની જેમ રહેવું, માલિક બનવું નહીં. જે કામ કરીએ તેનો અહેસાન ઠાકોરજી ઉપર ચઢાવવો કે મહારાજ! અમે તમારું કામ કરીએ છીએ. અમારું અહીંયાં શું છે? કુટુંબ તમારું, ઘર તમારું, ધન તમારું, જમીન તમારી. એ જ સાચી વાત છે, કારણ કે જ્યારે જન્મ્યા હતા, ત્યારે તો નાગા–પૂગા આવ્યા હતા. એક દોરો પણ પાસે હતો નહીં અને મરીશું ત્યારે આ લાશ પણ અહીંયાં જ પડી રહેશે. લાશને પણ સાથે લઈ જઈ શકીશું નહીં, તો પછી ધન–સંપત્તિ, વૈભવ–પરિવાર સાથે લઈ જઈ શકીશું ખરા?

સાથે લાવ્યા નથી, સાથે લઈ જઈ શકતા નથી અને અહીંયાં રહેવા છતાં પણ આ બધાને આપણા મન–મરજી મુજબ બનાવી શકતા નથી. તમારો પ્રત્યક્ષ અનુભવ છે કે તમારા દીકરા–દીકરી તમારું કહ્યું માનતા નથી, સ્ત્રી નથી માનતી, કુટુંબીઓ નથી માનતા. તો સાબિત થયું કે તમે તમારા મન–મરજી મુજબ એમને બનાવી નથી શકતા અને જેટલા દિવસ ઈચ્છીએ એટલા



દિવસ સાથે રાખી નથી શકતા, બદલી નથી શકતા. સ્વભાવ બદલીએ કે રંગ બદલી દઈએ–એ તમારા હાથની વાત નથી. તેમ છતાં એને કહો છો–'મારી ચીજો.' એ 'મારી' કેવી રીતે થઈ. બોલો? આથી માનવું જ પડશે કે એ બધાં મારા નથી; ભગવાનના દીધેલા છે અને ભગવાનના છે.

જે પ્રમાણે તમને અને અમને સત્સંગ કરવા માટે આ મકાન આપવામાં આવ્યું છે. હવે, જો આપણે એનો કબજો લઈ લઈએ–આ પાટ અમારો, પાથરણાં પણ અમારાં, માઈક પણ અમારું; કારણ કે અમે આ પાટ પર બેઠેલા હતા. આ માઈકમાં બોલ્યા હતા. તો આ બેઈમાની ગણાય કે નહીં? તે જ પ્રમાણે ભગવાને આપણને ધન–સંપત્તિ, વૈભવ, કુટુંબ વગેરે સેવા કરવા માટે આપ્યાં છે. સારી રીતે વહીવટ કરો. બધાને સુખ પહોંચાડો. પણ તમે તો માલિક બની બેઠા, શું આ માલિકી સદા રહેશે ખરી? એ આપણી સાથે સદા રહેશે? શું એને આપણી મરજી મુજબ બદલી શકીશું? શું એના પર આપણો થોડો ઘણો પણ કાબૂ ચાલે છે ખરો? નથી ચાલતો, તેમ છતાં આપણે એને 'આપણા' કહીએ છીએ.

વસ્તુઓની સાથે માત્ર 'પોતાનાપણા'ની માન્યતા છે. 'પોતાનાપણું' ખરેખર હોતું નથી. માત્ર માનેલું છે. ખરેખરું પોતાનાપણું પ્રભુની સાથે છે, નક્કી છે, માત્ર તેને ભૂલી ગયા છીએ. પ્રભુ આપણા પોતાના હોવા છતાં આપણે તેમને ભૂલી ગયા, તેમનાથી વિમુખ થઈ ગયા અને સંસાર કદી આપણો થયો નથી, થઈ શકે નહીં. તેને આપણે આપણો માની લીધો. તેથી અહીંયાં પાછા ફરીને આવવું પડે છે. જો એને તમે તમારો ન

માનતા હોત તો તમે અહીંયાં પાછા ન આવત. અહીંયાં લોકો અલગ—અલગ સ્થળેથી, શહેરોમાંથી આવ્યા છે. સત્સંગ પૂરો થશે તે પછી અહીંયાં કોણ આવશે? જેની કોઈ ચીજ અહીંયાં રહી જશે, તે જ આવશે. જેની કોઈ ચીજ અહીંયાં રહી નથી, તે શું કામ આવશે? જો સંસારની ચીજોને તમે તમારી માનશો, તો એ ચીજો તો તમારી સાથે રહેવાની નથી, પણ તમે એની સાથે જે 'પોતાનાપણું' કરી લીધું છે, તેને તમે જ્યાં સુધી છોડશો નહીં, ત્યાં સુધી તે છૂટશે નહીં. તમે છોડી દો તો આ પોતાનાપણું આ શરીરની જીવંત હાલતમાં જ છૂટી જશે. જેમ કે કોઇ સાધુ થઇ ગયો. સાધુ થયા પછી ગૃહસ્થાશ્રમમાં કોઇ 'પોતાનાપણું' રહેતું નથી. હવે જો તેના કુટુંબના સ્ત્રી—પુત્ર, ભાઈ વગેરે બધા સભ્યો એકી સાથે મરી જાય તોપણ તે સાધુને ચિંતા થતી નથી. જો ચિંતા થતી હોય તો તે સાચો સાધુ નથી, હજી સંબંધ જોડાયેલો છે. ખરો સાધુ હોય, ત્યાગી હોય, તો ઘરવાળા બધા સાફ થઈ જાય તોપણ ચિંતા થતી નથી. કારણ કે એ મક્કમપણે માને છે કે હું તેમનો નથી અને તેઓ મારા નથી.

સંસારની બધી જ ચીજોને ભગવાનની માનવી. ભગવાનનું કામ કરો. ચિંતા, ભય કંઇ જ નહિ રહેશે—**'તુમ્હહિ નિબેદિત ભોજન કરહીં । પ્રભુ પ્રસાદ પટ ભૂષન ધરહીં ॥'** (માનસ. અયો૦ ૧૨૯/૨)

ભોજન નહિ, ઠાકોરજીને ભોગ ધરેલો પ્રસાદ પામવો. ઘરેણાં, કપડાં કંઇ પણ પહેરો, તો પ્રભુનો પ્રસાદ માનીને પહેરો. પ્રભુના પ્રસાદનો મહિમા મોટો છે. અંતઃકરણ નિર્મળ થઇ જાય છે. મમતા, આસક્તિ બધું નાબૂદ થઇ જાય છે.



ઠાકોરજીને તમે થોડા ઘણાં પેંડા કે પતાસાંનો પ્રસાદ ધરી દો, તે પરમ પવિત્ર થઇ જશે. લખપતિ અને કરોડપતિ પણ તમારા હાથે એ પ્રસાદ—કણ લેવા ઇચ્છશે અને ઘણા પ્રસન્ન થઇ જશે. શું તેઓ મીઠાઇના ભૂખ્યા છે? નહિ. તેઓ ઠાકોરજીનો પ્રસાદ લે છે. કેમ કે હવે તમારી તેમાં મમતા રહી નથી. ભલે તમે પોતે જ વહેંચો; પણ એ તમારો નહિ, ઠાકોરજીનો છે.

તમે, ભાઇ—બહેનો કૃપા કરો! હમણાં જ તમારી બધી જ ચીજોને ભગવાનની માની લો. હૃદયથી માની લો કે હે નાથ! આ બધું તમારું છે. ઘરેણાં, કપડાં, ભોજન, મકાન વગેરે બધું જ પ્રભુનો પ્રસાદ છે. હવે ભગવાનની મરજી હોય ત્યાં રાખો. આપણે પાછા શું કામ આવીશું? આપણી ક્યાંય મમતા નથી. કોઇ આપણું છે જ નહિ. આમ મહેરબાની કરીને ભગવાનને બધું આપી દો. વાસ્તવમાં બધું ભગવાનનું જ છે. આપણે એને આપણું માનેલું છે. માત્ર માન્યતા છોડવાની છે. મહારાજ રઘુએ વિશ્વજીત યજ્ઞ કર્યો. સંસાર પર જીત મેળવી લેવી અને પછી સર્વસ્વ દાન કરી દેવું—આ વિશ્વજીત યજ્ઞ હોય છે. સજ્જનો! તમે અને આપણે—બધા વિશ્વજીત ત્યાગ કરી શકીએ છીએ. હૃદયથી બધી ચીજો ભગવાનને અર્પણ કરી શકીએ છીએ. શરીરને પણ આપણું ન માનવું. કોઇ ચીજ આપણી છે જ નહિ—હૃદયથી જો એવો ભાવ કરી લઇએ, તો વિશ્વજીત ત્યાગ થઇ જશે અને ક્યાંય જવું પણ નહિ પડે.

લોકો કહે છે કે ભગવાનની માયાથી અમે મોહી ગયા છીએ. ભગવાનની માયાથી મોહી નથી ગયા પણ ભગવાનની માયાને પોતાની માની લીધી, તેથી મોહી ગયા. ભગવાનની

માયા કોઈને પણ મોહતી જ નથી, એ તો બધાનું કામ સુગમતાથી ચાલે, એવી સુવિધા આપે છે, કૃપા કરે છે. પણ તમે મળેલી ચીજો પર કબજો જમાવી દો છો. તેને તમારી માની લો છો. સજ્જનો! એ તમારી છે નહિ, હતી પણ નહિ અને રહેશે પણ નહિ. અત્યારે પણ સતત તેનો વિયોગ થઈ રહ્યો છે. ધ્યાન આપો, જેટલા દિવસ તમે—અમે આ વસ્તુને પોતાની માની જીવી ગયા, તેટલો જ તેમનો વિયોગ થઇ ગયો. જો કોઇ ચીજ આપણી પાસે પચાસ વર્ષ સુધી રહેવાની હોય અને દસ વર્ષ વીતી ગયા તો હવે એ ચીજ શું પચાસ વર્ષ સુધી આપણી પાસે રહેશે ખરી? હવે તો ચાળીશ વર્ષ જ રહેશે. તેથી વિયોગ તો સતત થઇ જ રહ્યો છે. જે ચીજને તમે તમારી માનો છો તે તમારાથી દરેક ક્ષણે અલગ થઈ રહી છે. પહેલાં અલગ હતી, બાદમાં અલગ રહેશે અને હાલ વર્તમાનમાં પણ અલગ થઈ રહી છે. વસ્તુ કદી કહેતી નથી કે 'તમે મારા છો અને હું તમારી છું.' તમે કહો છો કે આ મારી છે. આથી તમારે પાછા ફરીને આવવાનું થાય છે. ઘરે તમને મારા નથી કહ્યા, વસ્તુઓએ તમને મારા નથી કહ્યા અને સાચું કહો તો કુટુંબીજનો પણ તમને જ્યાં સુધી જીવો છો, ત્યાં સુધી જ મારા—મારા કહે છે. પ્રાણ નીકળતાં જ બાળીને ભસ્મ કરી દેશે, ફૂંકી મારશે—

**શ્વાસ થકાં અબ આસ કરૈ, શ્વાસ ગયા અબ કાઢો રે કાઢો ।**
**ધરતી કો ધન્ન બતાય દિયો, અબ નાખ સનેતી મેં બાંધો રે ગાઢો ॥**
**અડોસ—પડોસકે આપ ખડે સબ, કોઊ ન કહેવત રાખો રે ઠાઢો ।**
**ઠેટ મસાણ પૌંચાય દિયો અબ, રહ ગયી જાન ચલ્યો ગયો લાડો ॥**

તેમ છતાં પણ કહીએ છીએ—આ મારું, આ તમારું, તમારું



શું છે? શરીર પણ અહીંયા જ પડ્યું રહેશે. ભાઈઓ, બહેનો! કૃપા કરો અને હૃદયથી કહી દો કે આ સઘળું ભગવાનનું છે.

કેટલાક લોકો કહે છે કે મમતા છૂટતી નથી. તમારી છોડવાની સાચી દાનત થઈ જાય તો ભગવાન છોડાવી દેશે. તેમને પોકારો કે હે નાથ! હું આ વસ્તુઓને પોતાની માનવા માંગતો નથી. તો ભગવાન કહેશે કે સારી વાત છે અને મમતા છૂટી જશે. પણ દિલથી છોડવાની દાનત હોય ત્યારે. જો છોડવા માંગતા જ ન હો, તો મર્યા છતાં પણ નહિ છૂટશે. ભૂત—પ્રેત બનવું પડશે. તે જ પોષાક પહેરીને તે જ ઘરમાં આવે છે, લોકોને દેખાય છે. ભૂત—પ્રેત બનવા છતાં પણ મમતા છૂટશે નહિ. તેથી તમે જે સાંસારિક ચીજોમાં 'પોતાનાપણું' પરોવી દીધું છે, તે સંસારમાં પાછા ફરીને આવવાનું ખાસ કારણ છે. આ બહુ મોટી ભૂલ છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# યુવા શિબિરના પ્રતિભાવો

—સંકલન : અર્પિતા જોષી

પૂજ્ય માએ પ્રેમથી સાદ પડ્યો તો સામે નોર્થ અમેરિકાના યુવા વર્ગે એ સાદ ઝીલી પૂજ્ય માને પ્રતિસાદ આપ્યો. પૂજ્ય માના પ્રેમ ઝરણામાં સ્નાન કરી તરબોળ બનેલા યુવાનો, પૂજ્ય માના પ્રેમના પૂરમાં ડૂબી ગયેલા યુવાનો, જેમના અણુ અણુ પૂજ્ય માના પ્રેમથી નીતરતા બની ગયેલા, તે યુવાનો બદલામાં પ્રેમ સિવાય શું આપી શકે?

પૂજ્ય માનો વર્ષોથી એક નિયમ છે જે આવે તેને પ્રેમાગ્રહથી રોકી લેવા. અને પૂજ્ય મા પોતાના નિયમોમાં ખૂબ ચુસ્ત છે, એટલે અહીં પણ એ નિયમ પાળીને જે આવે તેને રોકાઈ જવાનો આગ્રહ કરતાં જ રહ્યાં ને ઘણાં યુવાનો સૌ પૂજ્ય માના પ્રેમ આકર્ષણને વશ બની, બનતો પ્રયાસ કરીને પોતાના દિવસો પૂજ્ય મા પાસે લંબાવતા ગયા.

પૂજ્ય માએ ઘડેલા કાર્યક્રમમાં પણ સૌએ ઉત્સાહથી ભાગ લીધો. ચર્ચા વિચારણાઓની બેઠકમાં પણ ઘણા સુંદર અને વિચારયોગ્ય પ્રશ્નો પૂછ્યા, જેમ કે પ્રભુના અનસ્ત સૂર્યના વાંચનમાં પ્રશ્ન હતો : બધા સંતો, સાધુઓના નામમાં કોઈક ને સંત કોઈક ને સ્વામી, કે કોઈકને મહાપુરુષ કહેવામાં આવે છે. તો આ સંબોધનોમાં શું ફરક છે? પૂજ્ય પ્રભુ આ પ્રસંગે શું સંદેશ આપી રહ્યા છે? આ પ્રસંગ (રામેશ્વરનો) પ્રભુ એ ક્યા હેતુથી આત્મકથામાં ટાંક્યો હશે? સંતો એકબીજા સાથે કેવી રીતે વાત



કરે? કર્મોના નિયમો સદ્ગુરુ કેવી રીતે અને કેટલા બદલી શકે? કર્મફળો પ્રાર્થનાથી બદલી શકાય?

આવા અનેક પ્રશ્નો જીજ્ઞાસાવૃત્તિથી પૂછતા રહ્યા. પૂજ્ય માની હરિરસની હેલી વંચાતી ને જ્યારે પૂજ્યમાના પદોનો અનુવાદ થતો ત્યારે યુવાનોની આંખો ભરાઈ આવતી. તેઓ કહેતા ‘મા કેટલી વિરહની વેદના વેઠી રહ્યાં છે. આપણને હસાવે છે, હસે છે પરંતુ તેમનું હૃદય તો માત્ર પ્રભુ માટે તલસે છે.’ લોસ એન્જીલસના ભાવનાબેને તો તે વિચાર ને એક પગલું આગળ લઈ જતા, પૂજ્ય પ્રભુને પત્ર લખ્યો કે અમે સૌ તમને વિનવીએ છીએ કે તમે આપણા પૂજ્ય માને વધુ ના તલસાવો. અમારી ભૂલોના લીધે જો તમે પૂજ્ય માને ના મળતા હોવ તો અમે તમારી ક્ષમા યાચીએ છીએ. પણ તમે આવો અમારા, આપણા મા પાસે આવો.

પૂજ્ય માનાં પદો અને શ્રી હરિની શબ્દ યાત્રામાંના પૂજ્ય માના ભાવો, સમર્પણ યુવા હૃદયને સ્પર્શી રહ્યા. ટેક્સાસની ભક્તિ કહે, “પૂજ્ય માના લેખનમાં ક્યાંય ‘હું, મેં, મારું’ આવા સર્વનામનો ક્યાંય શબ્દ પ્રયોગ જ નથી. શોધો તો પણ આ શબ્દો મળતા નથી.” આ રીતે રોજ નવી પ્રેરણા, નવી સમજ, નવો અહોભાવ પૂજ્ય મા પ્રભુ માટે જાગતો રહ્યો.

સાંજે થતી ડીબેટસમાં યુવાવર્ગના આ યુગના પ્રશ્નો પર ચર્ચા થતી. તે ડીબેટમાં ન્યુંમેકસિકોનો ૮ વર્ષનો મોક્ષ ભક્ત પણ ઉત્સાહથી ભાગ લેતો. [એ ૨–૩ વિકેન્ડ મમ્મી સાથે આવી અહીં જોડાયેલો.] એકવાર મિત્રો આપણને ગેરમાર્ગે દોરે તો કેવી રીતે જવાબ આપવો એની ચર્ચામાં તે બાળક કહે : “હું મારા

મિત્રને કહીશ કે આ મારી જિંદગી છે, ને મારી જિંદગીના નિર્ણયો કરવાનો માત્ર મને જ હક છે. કોઈ મને કહી ના શકે કે મારે શું કરવું જોઈએ.'' તો વળી વેજીટેરીયન/શાકાહારી ભોજન રેસ્ટોરન્ટમાં ઓર્ડર કરતા શું સાવચેતી રાખવી એ વાતની ચર્ચામાં ભાઈ મોક્ષ કહે : ''વેઈટરને કહેવાનું મને ઈંડા, ને મીટની એલર્જી છે. તેમ છતાં જો એ લોકો ધ્યાન ના રાખે તો આપણે તેમના પર કેસ કરીને તેમની રેસ્ટોરન્ટ બંધ કરાવી શકીએ.'' એ બાળકનો આત્મવિશ્વાસ અદ્ભુત છે.

આ રીતે સૌને એકબીજામાંથી પણ ઘણું શીખવા મળતું. યુવાવર્ગ એકમેક સાથે પણ ઘણી વાતો, સત્સંગ, પ્રશ્નોત્તરી કરતા રહ્યાં.

પૂજ્ય માની શક્તિનો એક નોંધપાત્ર અનુભવ સૌને થયો કે જોવા મળ્યો. બેન ગાર્ગી ભક્ત, જે અમેરિકામાં જન્મી ને મોટી થયેલી, તે દીકરીને ગુજરાતી પૂજ્ય માએ જ શીખવેલું છે. પણ ભાષા પર પ્રભુત્વનો એનો કોઈ દાવો નથી. તે દીકરીએ શિબિર દરમ્યાન ગુજરાતીમાં રાગ બદ્ધ પદ રચ્યાં. એટલું જ નહીં તેણે ચાર દિવસમાં ૧૦ પદ રચ્યા. પૂજ્ય માને યુવા વર્ગ કેવી અને કેટલી રીતે ઝીલી શક્યું એનું આ એક ઉદાહરણ છે.

દરેકને પૂજ્ય મા પોતપોતાની રીતે સ્પર્શ્યા છે. ઘણાં યુવાનોએ પોતાના ભાવો વ્યક્ત કરતા પૂજ્ય માને પત્રો લખ્યા, ઘણાં એ સર્વે ફોર્મમાં જ પોતાના હૃદયની વાત કરી. સર્વેનું શું સરવૈયું આવ્યું?

ફોર્મમાં પ્રથમ પ્રશ્ન હતો : શિબિરમાં તમને શું ગમ્યું? તો તેના ઉત્તરમાં શત પ્રતિશત એક જ જવાબ જે પ્રથમ ગુંજ્યો, જે પ્રત્યેકના ફોર્મમાં ગુજરાતીમાં, અંગ્રેજીમાં સોફ્ટ કોપી, હાર્ડ કોપી સર્વત્ર એક જ જવાબ.



મા....મા....અને મા.....

પૂજ્ય મા, પૂજ્ય માની હાજરી, પૂજ્ય માનું હાસ્ય, પૂજ્ય માનું સાંનિધ્ય, પૂજ્ય મા સંગ પ્રણામ, પૂજ્ય માની ચેતના શક્તિ જે મને આ ઘરમાં અનુભવાઈ.

ભાઈ તેજસ કહે છે કે : ''માએ એક બ્રહ્માંડ રચ્યું, પ્રેમ અને શાંતિનું તે ગમ્યું.''

## ગ્રાહકોને ખાસ સૂચના

પોસ્ટલ ખાતાની કથળતી કામગીરીના પ્રતાપે **અધ્યાત્મ**ના ઘણા ગ્રાહકોને **અધ્યાત્મ**ના અંક સમયસર મળતા નથી, તેવી ફરિયાદો અમને મળતી રહે છે એટલે ગ્રાહકોને ખાસ જાણ કરવામાં આવે છે કે **અધ્યાત્મ**ના અંકોની રવાનગીની કામગીરી ડૉ. આશિષભાઇ ગોહિલ સંભાળતા હોઇ, **અંકો ન મળવા, તેમજ સરનામામાં ફેરફાર અંગેની જાણ** તેઓને સીધી જ કરવા વિનંતી છે. તેઓનું સરનામુ, મોબાઇલ નંબર તેમજ ઇ-મેઇલ નીચે પ્રમાણે છે.

**ડૉ. આશિષ વી. ગોહિલ**
'સર્વમંગલ', પ્લોટ નં. ૨૫૪
રસ્તા નં. ૫, વિજયરાજનગર
ભાવનગર–૩૬૪૦૦૨
મોબાઇલ–**૯૪૨૮૨૨૨૩૫૭**
E-mail–avgohil1@gmail.com

# અન્નદાન એ જ જીવનધર્મ

—સંકલન શ્રેણી

'ના, ભાઈ ના. સમય ભલે કપરો આવ્યો. પણ મારાથી અન્નદાન તો બંધ નહીં જ કરાય. આવા કાળા દુકાળે ભૂખ્યાઓને ભોજન આપવું એ પ્રભુનું સાચું પૂજન છે.' સુબ્બૈયરે શિખામણ આપવા આવેલા ગામના એ આગેવાનને સ્પષ્ટ કહી દીધું.

દ્રાવિડના આંકરે નામના ગામમાં સુબ્બૈયર નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. અન્નદાન એ પ્રભુપ્રાપ્તિનું પ્રથમ સોપાન છે, એ જીવનમંત્ર એણે જીવનમાં આબાદ ઉતારી દીધો હતો. પોતાનાં ફળદ્રુપ ખેતરોમાં તનતોડ મહેનત કરી, એ સારું એવું ધાન્ય પેદા કરતો. આંકરે ગામ શ્રીરંગમ્ નામના યાત્રાધામને રસ્તે જ આવતું હતું. આથી એને આંગણે અભ્યાગતો ને યાત્રાળુઓના ટોળાં ઊભરાતાં. આ અભ્યાગતો ને યાત્રાળુઓને જમાડ્યા પછી જ જમવાનો નિત્ય—નિયમ સુબ્બૈયરે નક્કી કરી નાંખ્યો હતો. ઘરનાં સ્ત્રીબાળકોએ પણ આ પવિત્ર કાર્યને ધર્મકાર્ય ગણી સંપૂર્ણ સહકાર આપવા માંડ્યો હતો.

ઘણી વાર લોકો એને પૂછતા : 'ભૂદેવ, કુબેરના ભંડારેય ખૂટી જાય એવું આ કપરું કામ છે. આમ ને આમ કેટલો વખત ચલાવશો?'

'મને મારા ભગવાનમાં પૂરી આસ્થા છે. આ બધું એ જ કૃપાસિંધુ ચલાવી રહ્યો છે. આભ ફાટે ત્યાં થીગડું ક્યાં દેવું!



એવા ભગીરથ કામમાં આપણો તો શો ગજ વાગે? એને જ્યાં સુધી ચલાવવું હશે ત્યાં સુધી ચલાવશે. આપણે તો નિમિત્તમાત્ર છીએ.'

અને સલાહકાર એમની આ જીવનફિલસૂફી સાંભળી રસ્તે પડતો.

એ સમયે ભારત પર અંગ્રેજ રાજ્યનું શાસન ચાલતું હતું. દુકાળ હોય, સુકાળ હોય, પણ સરકારની તિજોરી તો મહેસૂલની રકમથી ભરાવી જ જોઈએ. ગામના તલાટીએ સુબ્બૈયર પાસે મહેસૂલની રકમની ઉઘરાણી કરી. પણ આ સમયે દુકાળના ઓળા એવા પથરાયા હતા કે ભલભલા તાલેવાન ખેડૂતોની કમ્મર ભાંગી ગઈ હતી. સુબ્બૈયરના ખેતરમાં પણ કંઈ જ પાક્યું નહોતું. એણે મહેસૂલ ભરવા અશક્તિ દર્શાવી. જોકે એને ઘેર અન્નદાનની ગંગોત્રી વહેવી તો ચાલુ જ હતી. સ્ત્રીઓનાં આભૂષણો વેચી—સાટીને પણ આ પવિત્ર કાર્ય ચાલુ રાખ્યું હતું.

તલાટીની ઉઘરાણી હવે કડક થવા લાગી. મિત્રોએ પણ એમને સમજાવ્યા : 'સુબ્બૈયર, થોડા દિવસ અન્નદાન બંધ રાખીને પણ સરકારી મહેસૂલ ભરી દો.'

પણ એણે સ્પષ્ટ સંભળાવી દીધું : 'ભૂખ્યાઓના ભેરુ થવાનું આ ખરું ટાણું છે. આજે હું અન્નદાન બંધ કરું તો મારા પર ઈશ્વર રૂઠે. મહેસૂલ તો પછીયે ભરાશે. સરકારની તિજોરીઓ ભરનારા તો ઘણા છે. ભૂખી હોજરીઓમાં મૂઠી દાણો નાખવાય કોઈ નથી નીકળતું. આવે વખતે મારું કર્તવ્ય કપરું બને છે. મારાથી અન્નદાનનો ધર્મ તો પ્રાણાંતેય નહીં મુકાય, ભાઈ.'

તલાટીના રિપોર્ટ ઉપરથી મામલતદાર આંકરે ગામ આવ્યા.

બીજા બધાની મહેસૂલ તો વસૂલ થઈ ગઈ હતી. એક સુબ્બૈયરની બાકી હતી. મહેસૂલ વસૂલ લેવા એની જમીન જાહેર હરાજીથી વેચવા કાઢી. પણ ગામમાંથી એક પણ માણસ હરાજીની બોલી બોલવા આગળ ન આવ્યો. સુબ્બૈયરના અન્નદાને એમનાં મોઢાં બંધ કરી દીધાં હતાં.

અજાતશત્રુ સુબ્બૈયરની જમીન હરાજીથી વેચાતી લેવા કોઈ પણ તૈયાર ન થયું ત્યારે મામતદારના આશ્ચર્યનો પાર ન રહ્યો. એણે આખો અહેવાલ કલેક્ટરને મોકલાવ્યો.

કલેક્ટરના આશ્ચર્યનીય અવધિ ન રહી. અન્નદાનની વાત તો એના લોહીમાં નહોતી. વિલાયતના સંસ્કારે રંગાયેલા કલેક્ટરને એ વિશે જાણવાની તાલાવેલી લાગી.

એક રાત્રે સુબ્બૈયરના ઘર પાસેથી કોઈ અજાણ્યાએ સાદ દીધો : 'સ્વામી, કમાડ ઉઘાડજો.'

દરવાજો ઉઘાડી સુબ્બૈયરે પૂછ્યું : 'ભાઈ, તમારે શું જોઈએ છે?'

'ચાલી ચાલીને હું ખૂબ જ થાકી ગયો છું. મારે ગામ જવા નીકળ્યો હતો ત્યાં રાત પડી ગઈ. હવે તો સવારે જવાશે. ભૂખ પણ ખૂબ લાગી છે. થોડું ખાવાનું આપો તો તમારી મહેરબાની.' આગંતુકે યાચનાભરી વાણીમાં કહ્યું.

'ઓહો, તમે તો અતિથિદેવ કહેવાવ. અહીં બેસો, હમણાં જ લાવી દઉં.'

'પણ હું તો નાતે પરિયો છું, હોં.' આગંતુકે ખુલાસો કરતાં કહ્યું.

'અહીં તો ભગવાનનું ધામ છે, ભાઈ. ભગવાનના ધામમાં



કંઈ જ ભેદભાવ ન હોય. એક જ ઈશ્વરનાં આપણે સૌ સંતાનો છીએ. નિરાંતે બેસો.' કહી તે ઘરમાં ગયા.

મધરાતે પણ કોઈ ભૂખ્યું આંગણે આવી ચડે તો એને નિરાશ ન થવું પડે એ માટે તૈયાર ભોજનની એક થાળી રસોડામાં એ ખાસ ઢંકાવી જ રાખતા. એક લાકડાના પવાલામાં ભાત ભરી, તેના ઉપર દાળ અને શાકના પડિયા મૂકી, એ બહાર આવ્યા. અતિથિ સન્મુખ એ મૂકતાં કહ્યું : 'લ્યો ભાઈ, અહીં જમવું હોય તો અહીં બેસીને જમી લ્યો અને સાથે લઈ જવું હોય તોય છૂટ છે.'

'ભગવાન તમારા ભંડાર અભરે ભરે.' એવા આશીર્વાદ આપી આગંતુક વિદાય થયો.

બીજે દિવસે કલેક્ટરનો મુકામ આંકરે ગામમાં થયો. તલાટીઓ તેમજ સરકારી કર્મચારીઓની દોડધામથી ગામ આખું ધમધમી ઊઠ્યું. સરકારી ચોરે કચેરી ભરીને કલેક્ટરે સુબ્બૈયરને તાકીદનું તેડું મોકલ્યું.

ગામ આખામાં સન્નાટો છવાઈ ગયો. લોકોને લાગ્યું કે કલેક્ટર આજે બિચારા સુબ્બૈયરનાં ઘરબાર જપ્ત કરીને જ જંપશે.

એ વખતે ભૂખ્યા અતિથિઓને જમાડવામાં તે રોકાયેલા હતા. એમણે સરકારી પટાવાળા સાથે કહેવરાવ્યું કે, 'હમણાં આવું છું.'

લગભગ દોઢેક કલાક પછી કલેક્ટરની તહેનાતમાં તે હાજર થયા. મુખ પર નિર્ભયતા હતી. પગમાં સ્થિરતા હતી. હૈયે નામસ્મરણનો જાપ ચાલુ હતો. 'કેમ મોડું થયું આવતાં?' કલેક્ટરે પૂછ્યું.

'હજૂર, મારે નિયમ છે, કે સ્નાનપૂજા કરી, અતિથિ અભ્યાગતોને જમાડી, પછી જ ઘરની બહાર પગ મૂકવો. એ વિધિ આટોપતાં મોડું થયું.'

'મહેસૂલ કેમ ભરતા નથી?'

'ખેતરમાં કંઈ પાક્યું નથી. પછી ક્યાંથી ભરી શકાય? કૂવામાં હોય તો હવાડામાં આવે ને સાહેબ.'

'તો પછી અભ્યાગતોને જમાડો છો ક્યાંથી?' કલેક્ટરે ઉલટતપાસ આદરતાથી પૂછ્યું.

'સ્ત્રીઓનાં ઘરેણાં વેચી—સાટીને.'

'ઘરેણાં શા માટે વેચવાં પડે? ન જમાડો તો ન ચાલે?'

**'ઘરેણાં તો વરસ સારું આવશે ત્યારે ફરીથીય ઘડાવી શકાશે. અનાજ વિના વલખાં મારતાં કોઈ ભૂખ્યાનો પ્રાણ પરવારી જશે તો એ કંઈ પાછો આવવાનો નથી.** અન્નદાન એ તો અમારા શ્વાસપ્રાણ બરાબર છે. અન્નદાન કરવું મૂકી દઈએ તો અમે ગૂંગળાઈ મરીએ, હજૂર.'

સુબ્બૈયરનો જવાબ સાંભળી કલેક્ટર ક્ષણભર વિચારમાં પડી ગયા. પછી ધીમેથી પૂછ્યું, 'ભૂખ્યાઓને દિવસે જમાડો છો કે રાત્રે પણ જમાડો છો?'

'ભૂખને કંઈ સમયનાં બંધન નથી હોતાં, હજૂર. ભૂખ તો રાત્રેય લાગે છે. ગમે તે ટાણે મારે ત્યાં અતિથિ આવી ચડે તોય હું એમને જમાડીને કૃતાર્થ થાઉં છું.'

'ગમે તે ન્યાતના હોય તોય તમે એમને જમાડો? હલકી વરણ હોય. ધારો કે પરિયાને પણ?'



'મારે ત્યાં નાતજાતના કંઈ જ ભેદ નથી.'

'ઠીક, હમણાં તમે કોઈ પરિયાને જમાડ્યો હતો?'

'હા, સરકાર. ગઈ કાલે રાતે જ.' આવા વિચિત્ર પ્રશ્નો કલેક્ટર શા માટે પૂછતા હશે એનું સુબ્બૈયરને આશ્ચર્ય થયું.

'ઠીક, એને ઓળખો ખરા?' કલેક્ટરે પૂછ્યું.

'ના જી. એ વખતે અંધારું ઘણું હતું. અને આમેય મારો નિયમ છે, કે મારે આંગણે આવેલા અતિથિ સામું હું ધારી ધારીને નથી જોતો. ઘરને ખૂણે ભૂખેદહાડા કાઢતા કેટલાય ખાનદાન, અંધારાનું ઓઢણું ઓઢી, કોઈ કોઈ વાર આવી પહોંચે છે. એટલે હંમેશાં હું અતિથિઓને મુખ નીચું રાખીને જ પીરસું છું.'

'તમે ખાવાનું એના પાત્રમાં જ પીરસેલું?'

'મારે ત્યાંના લાકડાના પવાલામાં ભાત પીરસ્યા હતા. દાળશાક પડિયામાં આપ્યાં હતાં. પણ માફ કરજો, હજૂર. મહેસૂલની વિઘોટી સાથે આ બધા પ્રશ્નોને શો સંબંધ છે એ હું નથી સમજતો.'

'એની સાથે આને ઘણો જ સંબંધ છે, સુબ્બૈયર.' એમ કહી કલેક્ટર ટેબલના ખાનામાંથી લાકડાનું એક પવાલું બહાર કાઢ્યું. બધા અચરજ પામી એ પવાલા સામું નિહાળી રહ્યા.

કલેક્ટરે પૂછ્યું : 'આ પવાલું તમારું કે નહીં?'

'હા જી. પણ એ આપની પાસે ક્યાંથી? હજૂર, મારે ત્યાં કશાયનીય ચોરી નથી થઈ. એ પવાલું તો મેં એ અભ્યાગતને રાજીખુશીથી આપેલું. ચોરીના આરોપસર એને પકડ્યો હોય તો છોડી મૂકજો, સાહેબ.'

'એ રાતે જમી જનાર હું હતો. આ લ્યો તમારું પવાલું. મેં એવો મેકઅપ કર્યો હતો કે મને કોઈ ઓળખી જ ન શકે. **અન્નદાનની વાત મારે માટે નવી હતી. ખરેખર, તમે તો પુણ્યની પાળ બાંધી રહ્યા છો. આ લ્યો તમારું પવાલું. હવે પછી તમારે કોઈ વરસ મહેસૂલ ભરવાનું નથી. ઊલટું સરકાર તમને અન્નદાન સારું રોકડ રકમ દર વર્ષે અચૂક આપ્યા કરશે.'**

કલેક્ટરની વાણી સાંભળી સૌનાં મસ્તક ભક્તની ભાવનાને તેમજ કલેક્ટરની કદરદાનીને વંદી રહ્યાં.

### ❋ અબુધાબીમાં શ્રી મોરારી બાપુનો જાદુ ❋

એ મોરારી બાપુનો જાદુ જ છે જે એમને કથા માટે ઈસ્લામિક દેશમાં પણ બોલાવવામાં આવે છે. એ સંતોની શ્રેણીમાંથી એવા એક સંત છે જે ભારતની વસુધૈવ કુટુમ્બકમની પરંપરાને જીવિત રાખી છે. એક ફોટો ફરી સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે. ધ્યાનથી જોઈએ તો એને સંયુક્ત આરબ અમીરાતના સુલતાન જનાબ અબ્દુલ બિન જાયદની પત્ની બેગમ સાહિબા છે. એના માથા પર શ્રીરામચરિત માનસ છે. સ્થળ છે દુબઈમાં શ્રીમોરારી બાપુની રામકથાનો. જ્યાં ખુદ શાહી ખાનદાને આ ગ્રંથનું પૂજન કર્યું અને ભારતના નકલી ધાર્મિક લોકોના કેવળ ભારતમાતાની જય કહેવાથી ધર્મ (મજહબ) ભયમાં આવી જાય છે. ત્યારે અબુધાબીના શેખે મજહબના બધા નિયમોનો લાગ જોઈને કહ્યું કે, 'જય સિયારામ.'



# અભિનયનો આનંદ

**યોગેશ્વરજી**

તમે તૈયાર કરેલા જીવનના આ વિશાળ રંગમંચ પર તમે આપેલો અભિનય અલિપ્ત રહીને આનંદપૂર્વક કર્યે જાઉં છું, તમે જે પાઠ પૂરો પાડ્યો છે તેને જોયે જાઉં છું.

કોઈપણ પ્રકારના બડબડાટ, ઉહાપોહ કે દેખાવ વગર અત્યંત શાંતિ અને આરામપૂર્વક મારે ફાળે આવેલા અભિનયનાં અજવાળાં પૃથ્વી પર પ્રતિદિન પાથર્યે જાઉં છું, દિલ પર એનો ડાઘ નથી લાગવા દેતો.

લોકોને મારું જીવનસાફલ્ય કે સુખ જોઈને વિસ્મય થાય છે.

પરંતુ એનું રહસ્ય આ જ છે :—

તમારું અનંત, અનવરત, અનુસંધાન અને અભિનયની એકધારી અલિપ્તતા.

અને.... એક દિવસ આ જ રીતે અભિનય કરતાં કરતાં એની પૂર્ણાહુતિ પર પહોંચીને તમે આપેલો પાઠ તમને પુનઃ પ્રદાન કરીશ.

જે તમારું છે તે સસ્મિત, શાંતિપૂર્વક તમારાં ચરણમાં ધરીશ.

જિસ દિન હમ યે સમજ જાયેંગે કિ સામને વાલા ગલત નહીં હૈ, સિર્ફ ઉસકી સોચ હમસે અલગ હૈ; ઉસદિન જીવનસે સબ દુઃખ સમાપ્ત હો જાયેંગે.

**—તથાગત ગૌતમબુદ્ધ**